**સુવિચાર**
''સારા વિચારો સારા માણસોના સંપર્કમાં રહેવાથી આવતા હોય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૩/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ-૩ વર્ષ : ૧૭ અંક : ૦૮૨

## જગતાત ગણાતા ખેડૂતોએ લોહી-પાણી એક કરીને તૈયાર કરેલ ખેતીપાક બરબાદ

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી ખેતીપાકો તબાહ

**ઘઉં, ચણા, ડુંગળીથી લઈને કેરીનાં બગીચા સુધી લાખો રૂપિયાનું થયું નુકસાન**

**છેલ્લા ઘણા વર્ષોથી થતાં કમોસમી વરસાદથી ખેડૂતો આર્થિક સંકટમાં આવી રહ્યા છે**

**જિલ્લાનું આર્થિક તંત્ર કૃષિ આધારિત હોય અવારનવાર કુદરતી આફતથી સૌ કોઈએ પણ આર્થિક નુકસાન**

**રાજ્ય સરકાર ઉદાર હાથે ખેડૂતોની મદદ કરે તે સમયની માંગ છે**



અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં સતત છેલ્લા બે દિવસથી પડતા કમોસમી માવઠા અને મીની વાવાઝોડાથી ખેડૂતો ઉપર આફત ઉતરી છે. ઘઉં, ચણા, બાજરી, ધાણા, ડુંગળી જેવા તૈયાર ખેતી પાકોને ભારે નુકસાન થયું છે. તો બીજી તરફ બાગાયતી પાકોમાં ખાસ કરીના આંબાના બગીચાઓમાં કેરીઓ જમીન પર ખરી જતા ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. અમરેલી જિલ્લામાં બગસરા, વડિયા, ધારી, ખાંભા, સાવરકુંડલા, લાઠી અને લીલીયા સહિતના વિસ્તારોમાં વરસાદ અને પવનના કારણે ખેતરોમાં ઉભા પાકો બરબાદ થયા છે.

બગસરા પંથકના લુઘીયા ગામમાં ત્રણથી ચાર ઈંચ વરસાદ સાથે મીની વાવાઝોડું ફૂંકાતા ઘઉં, ચણા, એરંડા, કલોંજી અને રાયડાના પાકને ભારે નુકસાન થયું છે. તૈયાર પાક બરબાદ થતા ખેડૂતોમાં નિરાશા ફેલાઈ છે. સ્થાનિક સરપંચ કિશોરભાઈ કાનપરીયાએ તાત્કાલિક સર્વે કરી ખેડૂતોને સહાય આપવાની માંગ ઉઠાવી છે.

સાવરકુંડલા તાલુકાના સેંજળ ગામમાં બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે આ માવઠું આફત બની રહ્યું છે. આંબાના વૃક્ષો પરથી કેરીઓ મોટી સંખ્યામાં નીચે પડી જતા ખેડૂતોને મોઢામાં આવેલો કોળિયો છીનવાઈ ગયો હોવાનો અહેસાસ થઈ રહ્યો છે.

અનુસંધાન પાના ૬ ઉપર


આયુર ગ્લો
આર. એફ. સ્લિમિંગ
સર્જરી વગર
બોડી ટોનિંગ અને સ્કિન ટાઈટનિંગ
એ પણ એડવાન્સ ટેકનોલોજી સાથે.
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો:
+91 91060 20550
દુકાન નં. 1-2, ગ્રાઉન્ડ ફ્લોર, હોટેલ અમરેલી ઈન, સ્ટેશન રોડ, અમરેલી

સ્ટાફ જોઈએ છે
કમ્પ્યુટર ઓપરેટર
સેલ્સમેન
સેલ્સ ગર્લ્સ
અનુભવી તેમજ બીન અનુભવી વ્યક્તિઓએ રૂબરૂ સંપર્ક કરવો
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી (૦૨૭૯૨) ૨૨૩૫૫૭
મો.૯૯૦૧૮૯૮૯૮૧ / ૯૮૨૫૦ ૯૧૭૨૧

## કરોડો રૂપિયાનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે

# ફેરફાર : અમરેલીનાં નવા માર્કેટયાર્ડમાં મુખ્યમંત્રી શનિવારે નહી રવિવારે પધારશે

**ખેડૂતો, વેપારીઓ સહિત સૌને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો**







અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં આવતીકાલે શનિવારે વિવિધ વિભાગોના કુલ રૂપિયા ૨૫.૨૩ કરોડના ૧૦ વિકાસકાર્યોનું લોકાર્પણ મુખ્યમંત્રીનાં હસ્તે કરવામાં આવનાર હતું. પરંતુ મુખ્યમંત્રી સહિતનાં મહાનુભાવના કાર્યક્રમમાં ફેરફાર થતાં તે બધાં કાર્યક્રમ ફરી એક વખત તા. ૨૨ ને રવિવારના રોજ કરવામાં આવશે.

આગામી રવિવારે ૨૨ માર્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમરેલી જિલ્લામાં વિવિધ વિભાગોના કુલ રૂપિયા ૨૫.૨૩ કરોડના ૧૦ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યો દ્વારા જિલ્લાના શિક્ષણ, આરોગ્ય, ઊર્જા તથા માર્ગ સુવિધાઓમાં વધારો થશે અને નાગરિકોને વધુ સગવડો ઉપલબ્ધ બનશે.

આ અવસર એપીએમસી અમરેલી ખાતે મુખ્યમંત્રી એક વિશાળ જનસભાને સંબોધશે. આ લોકાર્પણના કાર્યોમાં માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તક રૂપિયા ૧.૨૦ કરોડના એક કામ, શિક્ષણ વિભાગ હસ્તક રૂપિયા ૬.૪૬ કરોડના પાંચ કામો, આરોગ્ય વિભાગ હસ્તક રૂપિયા ૧.૫૨ કરોડના એક કામ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તક રૂપિયા ૪.૦૫ કરોડના બે કામો તેમજ સહકાર વિભાગ (એપીએમસી) હસ્તક રૂપિયા ૧૨.૦૦ કરોડના એક કામનો સમાવેશ થાય છે.

અમરેલી એપીએમસી ખાતે રપિયા ૧૨ કરોડના ખર્ચે નિર્મિત ૨ લાખ ચોરસ ફૂટના વિશાળ શેડનું લોકાર્પણ થશે. જયારે માર્ગ મકાન પંચાયત હસ્તકના સાવરકુંડલાના ઢસેડીપરાથી ખોડીયાર મંદિર સુધી રૂપિયા ૧.૨૦ કરોડના ખર્ચે નિર્મિત રોડનું લોકાર્પણ થશે.

અમરેલી જિલ્લાના કુંકાવાવ ખાતે રૂપિયા ૧.૧૨ કરોડના

અનુસંધાન પાના ૬ ઉપર

naari IVF
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.7862037707

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો.સાગર બરાસરા એન્ડોક્રાઈનોલોજીસ્ટ
ડાયાબિટીસ, થાયરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા.૨૧/૦૩/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૧
ડો.મૈત્રય જોષી યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ
કિડની, પથરી અને વ્યંધત્વનાં રોગોના નિષ્ણાંત
તા.૨૧/૦૩/૨૦૨૬, શનિવારે, સાંજે ૫ થી ૯
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલ્ટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,36,700/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧

ઘડામણ
Only 7%
22ct. હોલમાર્ક દાગીના
૧૦ ગ્રામથી વધુ વજનના દાગીના પર લાગુ
સૌથી
63 56 56 0000
નિલકંઠ જ્વેલર્સ
ધમાકા ઓફર
ઓફર તા. ૦૧/૦૩/૨૦૨૬ થી તા. ૩૧/૦૩/૨૦૨૬ સુધી
ઘડામણ 13.9% Only
૧૦ ગ્રામથી વધુ વજનના દાગીના પર લાગુ
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી - ૩૬૫ ૬૦૧
Mo. 9825091721
Mo. 9601898981

### પ્રદેશ મહામંત્રી અને જિલ્લા પ્રમુખની ઉપસ્થિતિમાં

# બાબરા ખાતે આમ આદમી પાર્ટી દ્વારા સેન્સ પક્રિયા હાથ ધરાઈ

### સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવા ઈચ્છુક દાવેદારો ઉપસ્થિત રહ્યાં

બાબરા, તા. ૨૦

નગરપાલિકા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીકના દિવસમાં આવી રહી છે ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા સેન્સ પ્રક્રિયા શરૂ કરી છે જેમાં બાબરા શહેરમાં ગાયત્રી મંદિર ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશમહામંત્રી મનોજભાઈ સોરઠીયા,જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા અને શહેર પ્રમુખ કૌશિક ભરાડની ઉપસ્થિતિમાં નગરપાલિકા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સેન્સ આપી દાવેદારી રજૂ કરી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં નગરપાલિકાની ૬ વોર્ડ ની ૨૪ બેઠક છે તેમજ તાલુકા પંચાયતની ૧૮ બેઠક છે અને જિલ્લા પંચાયતની ત્રણ બેઠક આવે છે જેમાં મોટા દેવળીયા, કોટડાપીઠા, અને કરીયાણા બેઠકનો સમાવેશ થાય છે.

આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ કૌશિક ભરાડ દ્વારા જણાવ્યું હતું કે આગામી દિવસોમાં નગરપાલિકા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ આમ આદમી પાર્ટી મજબૂત સાથે આગળ વધી જનતા સમક્ષ પોતાની વાત રાખી ચૂંટણી લડશે.

### અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયાની માંગ

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી ખેતી પાકોમાં થયેલ નુકસાનનું સર્વે કરો

### રાજયનાં મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં તાજેતરમાં પડેલા કમોસમી વરસાદ અને અતિ ભારે પવન સાથેનાં વાવાઝોડાનાં કારણે ખેડૂતો અને પશુપાલકોને મોટા પ્રમાણમાં નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા દ્વારા રાજય સરકાર સમક્ષ નુકસાનનો સર્વે કરી તાત્કાલિક વળતર આપવા માંગ કરવામાં આવી છે.



ગઈકાલ તા.૧૯નાં અમરેલી જિલ્લામાં અચાનક જ જોરદાર પવન સાથે વરસાદ વરસતા પશુપાલકોના ઘાસ ચારાનો સદંતર નાશ થયો છે. અગાઉ દિવાળી દરમિયાન પણ કમોસમી વરસાદને કારણે ઘાસચારો બગડયો હતો, જેના કારણે પશુપાલકો પહેલેથી જ મુશ્કેલીમાં હતા. તેમાં હાલ ફરી એકવાર તૈયાર કરેલો ઘાસચારો પવન અને વરસાદનાં કારણે નષ્ટ થતાં પશુપાલકો પર ડબલ માર પડયો છે.

આ ઉપરાંત ચરિયાણ વિસ્તારમાં સુકા ઘાસચારાનો પણ સંપૂર્ણ નાશ થયો હોવાનું જણાય છે, જેના કારણે પશુપાલકો માટે પશુઓના ખોરાકની તાત્કાલિક સમસ્યા ઉભી થઈ છે. બીજી તરફ ડુંગળી પકવતા ખેડૂતોને પણ ભારે નુકસાન થયું છે, તેમજ ખેતરમાં ઉભા રહેલા ઘઉં અને ચણાનાં પાક અને તૈયાર માલને પણ વરસાદ અને પવનથી અસર પહોંચી છે.

આ સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા દ્વારા રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં તાત્કાલિક અસરથી નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં સર્વે કરાવી યોગ્ય વળતર ચુકવવા તથા પશુપાલકો માટે ઘાસચારો ઉપલબ્ધ કરાવવા માંગ કરવામાં આવી છે. અને ખેડૂતો અને પશુપાલકો હાલ આફતજનક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હોવાથી સરકાર ત્વરિત પગલાં ભરે તેવી વિનંતી પણ કરી છે.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

### વરસાદી માહોલમાં ગીરનાં રાજાએ પેટની ભૂખ મિટાવી

# ધારીનાં દેવળા ગામ નજીક એકી સાથે ૧૮ સિંહોનાં ટોળાએ ૧૧ પશુઓનું મારણ કરતાં ફફડાટ

### ગીરકાંઠાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફફડતા જીવે જીવન પસાર કરતાં નાગરિકો

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લાનાં ગીર વિસ્તારમાં સૌથી વધુ સિંહ પરિવારનો વસવાટ હોય અને આ એશિયાટિક સિંહને હવે જંગલ ટૂંકું પડતું હોય, તથા પાણી અને શિકારની શોધમાં ફરતાં સિંહો હવે ટોળાં સ્વરૂપે ગીરકાંઠા વિસ્તારની માનવ વસ્તીઓ ધરાવતાં ગ્રામ્ય વિસ્તારમાં ઘુસી આવી અને માનવીઓ તથા દુધાળા પશુઓનાં શિકાર કરી રહયાં છે. ત્યારે ગઈકાલે સાંજનાં વરસાદી વાતાવરણ વચ્ચે ધારી તાલુકાનાં દેવળા ગામનાં ગીર પંથકમાં એક ૧૮ જેટલાં સિંહોનાં ટોળાએ એક માલધારીનાં જોકમાં ત્રાટકી તરખાટ મચાવી દઈ અને ૧૧ પશુઓ પર ત્રાટકી ભારે નુકસાન પહોંચાડયું છે. જેમાં દેવળાનાં નવાગામ રોડ પર બનેલી આ ઘટનામાં વહાલસોયા ૧૧ પશુઓનાં મોત નિપજયા છે. જેના કારણે માલધારી તથા આજુબાજુનાં વિસ્તારમાં ચિંતા અને ભયનો માહોલ સર્જાયો છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ ધારી તાલુકાનાં દેવળા ગામનાં નવાગામ રોડ પર ગઈકાલે મોડી સાંજનાં સમયે શિકારની શોધમાં નીકળેલાં એક ૧૮ જેટલાં સિંહનું ટોળું સીધુ જ માલધારીનાં પશુ બાંધવાનાં વાડામાં એક ટોળું ઘૂસી આવ્યું હતું.

આ ઘટનામાં સિંહો એક સાથે એટલી મોટી સંખ્યામાં સિંહો ત્રાટકતા પશુઓમાં અફડાતફડી મચી ગઈ હતી. અને માલધારીઓને પોતાના પશુ બચાવવા માટે કોઈ તક ન મળતા બે ગાય તથા ઘેટાં સહિત ૧૧ જેટલાં પશુઓ સિંહોનાં શિકાર બન્યા હતા.

આ ઘટનાનાં પગલે આ માલધારી લાચાર બની ગયો હતો. અને તરત જ વનવિભાગને જાણ કરવામાં આવી હતી. માલધારી દ્વારા પણ ૧૧ પશુઓનાં મોતની પુષ્ટિ કરવામાં આવી છે.

આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે, કારણ કે એક સાથે દોઢ ડઝન જેટલા સિંહોનું ટોળું માનવ વસાહત નજીક પહોંચવું ગંભીર બાબત માનવામાં આવી રહી છે. વનવિભાગ દ્વારા સિંહોનાં હલન ચલન પર નજર રાખી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# લીલીયા : રમજાન માસમાં ૬ વર્ષની માસુમ મુસ્કાન દલે ૨૯ રોજા પૂર્ણ કર્યા

લીલીયા, તા. ૨૦

મુસ્લિમ સમાજનાં પવિત્ર રમઝાન માસ દરમિયાન ઈબાદત અને આસ્થાનાં અનેરા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. મુસ્લિમ સમાજનાં નાના ભુલકાઓમાં પણ અલ્લાહ પ્રત્યેનાં અતુટ વિશ્વાસ અને ઈમાન જોવા મળે છે. જેમાં લીલીયા મોટાનાં જાવેદભાઈ દલની ૬ વર્ષની દિકરી મુસ્કાન દલે ભુખ તરસની પરવા કર્યા વિના અત્યંત ઉત્સાહ પૂર્વક પોતાના ૨૯ રોઝા પુર્ણ કર્યા હતા.

કડક શિસ્ત અને ધાર્મિક મર્યાદા વચ્ચે આખો દિવસ અન્ન અને જળનો ત્યાગ કરી અલ્લાહની ઈબાદત



કરવા નાના ભુલકાઓ પણ પાછી પાની કરતા નથી. આ બાળકે રોઝા રાખવા ફર્ઝ છે. તેવો સમાજમાં સુંદર સંદેશ ફેલાવ્યો હતો.

# બાબરા : આયત ગોગદા (ઉ. ૮ વર્ષ) એ પૂર્ણ કર્યા ૧ મહિના રોજા

બાબરા, તા. ૨૦

બાબરા ગામમાં આજે આનંદ અને ગર્વનો માહોલ જોવા મળ્યો હતો, જયારે નાનકડી આયત ગોગદાએ તેના ૧ મહીનાનાં રોજા સફળતાપૂર્વક પૂર્ણ કર્યાં. નાની ઉંમરે જ ધાર્મિક ભાવનાં અને સંસ્કાર પ્રત્યેની લાગણી દર્શાવતા આયતએ આખા મહીના દરમ્યાન હિંમત અને ધીરજ સાથે રોજા રાખ્યા.

સાંજે જુમ્મા મસ્જિદ, બાબરા ખાતે ઈફતાર અને નમાઝ દરમિયાન પરિવારજનો તથા સમાજનાં આગેવાનોની હાજરીમાં આયત માટે ખાસ દુઆ દેશ પ્રેમ અને ભાઈ ચાર માટે કરવામાં આવી. આ પ્રસંગે મસ્જિદમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી.

નાનકડી આયત પર ફૂલહાર અને શુભેચ્છા રૂપે આશીર્વાદ વરસાવવામાં આવ્યા.



પરિવારજનો દ્વારા જણાવાયું કે, "અમારા દીકરી પર અમને ગર્વ છે. અલ્લાહ તેને સારા માર્ગ પર ચલાવે અને તેને દીન–દુનિયામાં સફળતા આપે તેવી અમારી દુઆ છે."

આ પ્રસંગે ગ્રામજનો દ્વારા પણ આયતને અભિનંદન પાઠવવામાં આવ્યા અને તેના ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ આપવામાં આવી.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

# અમરેલી જિલ્લામાં થયેલ કમોસમી વરસાદથી ખેતીપાકોને થયેલ નુકસાન અંગે ધારાસભ્યની રજુઆત

### ખેડૂતોનાં હિતમાં તાત્કાલિક પગલા ભરવા માંગ

અમરેલી, તા. ૨૦

સૌરાષ્ટ્ર વિસ્તારમાં તાજેતરમાં થયેલ કમોસમી વરસાદ (માવઠા), તેજ પવન અને કેટલીક જગ્યાએ કરા પડવાના કારણે ખેડૂતોના ઉભા પાકને ભારે નુકસાન થયું હોવાની ગંભીર બાબતને ધ્યાનમાં લઈ લાઠી – બાબરા મતવિસ્તારના ધારાસભ્ય જનક તળાવીયાએ રાજયના મુખ્યમંત્રી તથા કૃષિમંત્રીને પત્ર લખી તાત્કાલિક રાહત અને સહાય આપવા માંગણી કરી છે.પત્રમાં તેમણે જણાવ્યું છે કે છેલ્લા બે દિવસ દરમિયાન ખાસ કરીને અમરેલી જિલ્લામાં અચાનક વાતાવરણમાં આવેલા ફેરફારને કારણે ખેડૂતોના તૈયાર પાકને વ્યાપક નુકસાન થયું છે. લાઠી, બાબરા તેમજ આસપાસના વિસ્તારોમાં ઘઉં, ચણા, જીરૂ, જુવાર, બાજરી ઉપરાંત શાકભાજી અને બાગાયતી પાકો પર આ માવઠાનો ભારે પ્રભાવ પડયો છે.



ધારાસભ્યએ વધુમાં જણાવ્યું છે કે કાપણી માટે તૈયાર પાક વરસાદના કારણે જમીન પર પડી જવાથી અથવા ભીંજાઈ જવાથી મોટા પ્રમાણમાં નાશ પામ્યો છે. ઘણા વિસ્તારોમાં પાણી ભરાવા અને તેજ પવનના કારણે પાકની ગુણવત્તામાં ઘટાડો થયો છે, જેના કારણે ખેડૂતોને બજારમાં યોગ્ય ભાવ મળવાની શકયતા પણ ઘટી ગઈ છે.

આ પરિસ્થિતિમાં ખેડૂતોની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી બની ગઈ હોવાનું તેમણે નોંધ્યું છે. ખેડૂતો ખેતી માટે લીધેલી લોન અને ઉત્પાદન ખર્ચ અંગે ચિંતિત છે, જેના કારણે તેઓ આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે.

આથી, ધારાસભ્યએ રાજય સરકારને વિનંતી કરી છે કે નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સર્વેક્ષણ હાથ ધરવામાં આવે અને ખેડૂતોને યોગ્ય તથા ઝડપી વળતર આપવામાં આવે. સાથે જ પાક વીમા યોજના હેઠળના દાવાઓનો ઝડપી નિકાલ કરવામાં આવે તેમજ ખેતી લોનની વસુલાતમાં રાહત આપવામાં આવે તેવી માંગણી પણ તેમણે કરી છે.

તેમણે અંતમાં આશા વ્યક્ત કરી છે કે રાજય સરકાર ખેડૂતોના હિતમાં તાત્કાલિક પગલાં લઈ તેમને આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી

### આકાશવાણી રાજકોટ દ્વારા રેકોર્ડિંગ થયેલ

# અમરેલીનાં ડો. ભારતીબેન બોરડ દ્વારા સંકલિત કાર્યક્રમ કાલે બાલસભામાં

### બાળ ઝરણાઓ દ્વારા નાના મુખે પ્રાયોગિક વાર્તા રજુ થશે

અમરેલી, તા. ૨૦

ગામ મોટી કુંકાવાવના વતની અને હાલ અમરેલીમાં BAMS ડોકટર તરીકે ફરજ બજાવતાં ડો.ભારતીબેન જી.બોરડ જેઓ બાળ – મહિલા શિક્ષણ,આરોગ્ય, પાણી, પર્યાવરણ, સ્વચ્છતા, વ્યસનમુક્તિ વગેરે જેવા લોકજાગૃતિ વિષયક લેખન, ગાયન અને વક્તવ્યના વિવિધ માધ્યમો દ્વારા સુંદર કાર્યો પણ કરે છે.

૨૨ – માર્ચ એટલે ‘વિશ્વ જળ દિન ‘જળ બગાડ, જળ પ્રદૂષણ અને શુદ્ધ જળસંગ્રહ વિશે લોકજાગૃત્તિ માટે ૧૯૯૩થી સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા આ દિવસ ઉજવાય છે. એ નિમિત્તે આકાશવાણી રાજકોટ કેન્દ્ર પણ આ ઉમદા વિચાર અને કાર્યની ઉજવણી કરશે. જેમાં આકાશવાણી રાજકોટ કેન્દ્રની ટીમ, અટલ શર્મા, ભાવના શીંગાળા અને ડિમ્પલ મોદીના સહયોગથી બાળકો સાથે ડો.ભારતીબેન બોરડ દ્વારા સંકલિત કાર્યક્રમનું રેકોર્ડિંગ થયું. જેનું પ્રસારણ ૨૨/૩/૨૦૨૬, રવિવારે સવારે ૧૦ વાગ્યે ‘બાલસભા’ કાર્યક્રમમાં થશે. જેમાં જળ દેવતાની પ્રાર્થના, પાણીનાં પર્યાય, જળ કહેવતો, પાણી બગાડ અને પ્રદૂષણના કારણો – પરિણામ, કુદરતી જળનાં સ્થાન, વરસાદી જળ સંગ્રહ. વગેરેની ગદ્ય અને પદ્ય રચનાઓ છે. પોતાની કાલી ઘેલી અને નિર્મળ બોલીમાં રજૂ કરશે રૂદ્રા ઠાકર, લહેર ધકાણ, ક્રિશા નકુમ, રિવા બોરડ, ધૈવત દવે અને મંથન પાથર. અમરેલીના આ બાળ ઝરણાંઓ દ્વારા નાનાં મુખે સરસ મજાની પ્રાયોગિક વાતો સાંભળવા મળશે.

# સાવરકુંડલા ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ‘સંવાદ’ અને વિચાર વિમર્શ કાર્યક્રમ યોજાયો









આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સાવરકુંડલા ખાતે એક વિશેષ ‘સંવાદ અને વિચાર વિમર્શ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંગઠન મજબૂતીકરણ, ચૂંટણી વ્યૂહરચના અને સક્રિયતા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પરેશભાઈ ધાનાણી પૂર્વ વિરોધપક્ષના નેતા તથા કનુભાઈ બારિયા, અમિતભાઈ લવતુકા તેમજ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત ખાસ ઉપસ્થિત રહયા હતા અને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ સંવાદ કાર્યક્રમ બે તબક્કામાં યોજવામાં આવેલ હતો જેમાં ચંદ્રેશભાઈ રવાણી પ્રદેશ અગ્રણી, વલ્લભભાઈ ઝીંઝુવાડિયા કોંગ્રેસ અગ્રણી સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નરેશભાઈ દેવાણી, અશ્વિનભાઈ ધામેલીયા, દાનુભાઈ ખુમાણ, નારણભાઈ ગુજરીયા, જશુભાઈ ખુમાણ, દીપકભાઈ સભાયા તેમજ સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ હસુભાઈ સૂચક કનુભાઈ ડોડીયા, મહેશભાઈ જયાણી, હિતેષભાઈ સરિયાં, હસુભાઈ બગડા, કિરીટભાઈ દવે, વિપુલભાઈ ઉનાવા, નાસિરભાઈ ચૌહાણ, કનુભાઈ દેવીપુજક, બટુકભાઈ ઉનાવા વગેરે આગેવાનો હાજર રહ્યા હતા. જેમાં તાલુકા કોંગ્રેસ સમિતિ સાવરકુંડલા (સંવાદ અને આયોજન) સમય : સવારે ૯ થી ૧૧:૩૦ કલાકે તેમજ શહેર કોંગ્રેસ સમિતિ સાવરકુંડલા (સંવાદ અને આયોજન) : સમયઃ બપોરે ૪ થી ૫:૩૦ સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ તેમજ સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિના તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ બહોળી સંખ્યા ઉપસ્થિત થયેલ અને સમગ્ર કોંગ્રેસ પરિવાર એકજૂથ થઈ ચૂંટણીલક્ષી આયોજનમાં સહભાગી થયાં હતા.

## ૧૦૦ કાર, ૧૫૦ ટ્રેક્ટર સાથે નીકળેલ રેલીનું ઠેર-ઠેર સ્વાગત

# અમરેલી જિલ્લામાં ખેડૂત નેતા રાજુ કરપડાની રેલી યોજાઈ

**''આમ આદમી પાર્ટી'' છોડી દીધા બાદ તેઓ એકલા હાથે ખેડૂતોનાં પ્રશ્નો માટે રેલી લઈને નીકળ્યા**

**અમરેલી, ચલાલા થઈને ટ્રેક્ટર રેલી ગોપાલ ઈટાલીયાનાં મત વિસ્તાર વિસાવદર જશે**

**ખેડૂત નેતાએ ''આમ આદમી પાર્ટી''નાં આગેવાનો વિરૂધ્ધ આકરા પ્રહારો કર્યા**

**ખેડૂત નેતા એકલા થઈને ખેડૂતોનાં પ્રશ્ને લડશે કે પછી કોઈ અન્ય રાજકીય પક્ષમાં જોડાશે તેના પર સૌની નજર**



અમરેલી, તા. ૨૦

''આમ આદમી પાર્ટી''માં પાંચ વર્ષ રહીને ખેડૂતો સહિતનાં પ્રશ્ને ભાજપ સરકાર સામે આંદોલન કરનાર ખેડૂત નેતા રાજુ કરપડાએ આમ આદમી પાર્ટી છોડી દીધા બાદ તેઓ ખેડૂતોનાં પ્રશ્ને સતત લડત ચલાવી રહ્યા છે.


જે અંતર્ગત તેઓએ આજે અમરેલી, ચલાલા સહિતનાં વિસ્તારમાં ૧૦૦ કાર અને ૧૫૦ ટ્રેક્ટર સાથે રેલી યોજી હતી અને આવતીકાલે તેઓ ''આપ''નાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાનાં મત વિસ્તાર વિસાવદર ખાતે કિસાન સંમેલન યોજશે.

તેઓ આજે ચલાલા ખાતે આવી પહોંચતા તેઓએ ડો. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. નાની બાળાઓએ તેમનું કુમકુમ તિલક કરીને સ્વાગત કર્યુ હતું. બાદ તેઓએ રેલીમાં આમ આદમી પાર્ટીનાં આગેવાનો ઉપર તેઓએ શાબ્દિક પ્રહારો કર્યા હતા.

### પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાની માંગ

## અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદનાં લીધે થયેલ નુકસાનીનો સર્વે કરો

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**







અમરેલી, તા. ૨૦

અમરેલીનાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં અમરેલી જિલ્લામાં વિભિન્ન તાલુકાઓમાં ઠેક ઠેકાણે ઝડપી પવન સાથે કમોસમી વરસાદ પડેલ છે. જેના લીધે જિલ્લામાં ખેડૂતોને ઘઉ, ચણા, ધાણા, જીરૂ અને ડુંગળી સહિતનાં રવિ પાકોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયેલ છે. તેમજ બાગાયતી પાક કેરીને પણ નુકસાન પહોંચેલ છે.

અંતઃ અમરેલી જિલ્લામાં પડેલ કમોસમી વરસાદનાં લીધે ખેડૂતોને થયેલ નુકસાની અંગે તાત્કાલીક સર્વે થાય તે માટે જિલ્લા વહીવટી તંત્રને જરૂરી સુચના થવા અને ગુજરાત સરકાર તરફથી સત્વરે સહાય પેકેજ જાહેર થાય તે માટે આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી થવા ખાસ ભલામણ સહ નમ્ર વિનંતી છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


### પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી વ્યાપક નુકસાન : ખેડૂતોને આર્થિક સહાય કરો

**ખેડૂતોનાં દેવા માફ કરવામાં આવે તેવી પણ રજૂઆત**



અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લા કોંગી પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લો મુખ્યત્વે ખેતી પર નિર્ભર જિલ્લો છે અને છેલ્લા કેટલાક વર્ષોથી સતત કુદરતી આફતોના મારને કારણે અહીનાં ખેડૂતોની આર્થિક સ્થિતિ અત્યંત નાજુક બની ગઈ છે.

વર્ષ ૨૦૨૧ દરમિયાન આવેલ 'તૌકતે'' વાવાઝોડાએ અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રના ખેતી અને બાગાયતી પાકોને ભારે નુકસાન પહોંચાડયુ હતું. પાકોમાં થયેલું નુકસાન આજદિન સુધી સંપૂર્ણપણે પૂનઃ સ્થાપિત થયું નથી. ત્યારબાદ વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન થયેલી અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદના કારણે ખરીફ તથા રવિ બન્ને સીઝનના પાકો વ્યાપક પ્રમાણમાં નિષ્ફળ ગયા છે.

વર્તમાન સમયમાં તા. ૧૯/૩/૨૦૨૬નાં રોજ ભર ઉનાળામાં પડેલા કોમસી વરસાદ તથા પવન સાથેની પરિસ્થિતિએ ઉભા પાકો ઘઉં, ચણા અને બાગાયતી કેરીના પાકને ગંભરી રીતે નુકસાન થયેલ છે.

ખેડૂતો બિયારણ, ખાતર, દવાઓ અને ડીઝલ જેવા ખર્ચ માટે દેવું લઈને ખેતી કરે છે, પરંતુ પાક નિષ્ફળ જતા તેઓ આર્થિક રીતે તૂટી ગયેલ છે. હાલની પરિસ્થિતિમાં ખેડૂતો માટે ધિરાણના હપ્તા તથા વ્યાજ ચુકવવું અશકય બની ગયું છે. માત્ર સર્વે કે નાનકડા રાહત પેકેજો ધ્વારા આ ગંભીર પરિસ્થિતિનો કાયમી ઉકેલ માટે ખેડૂતોના દેવા માફ કરવા અને નુકસાનગ્રસ્ત પાકો માટે વાસ્તવિક અને પુરતુ વળતર આપવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.








લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
વેલ્ડીંગ, ફેબ્રીકેશન અને એન્જીનીયરીંગ વર્ક માટે
વેલ્ડર - હેલ્પરની ભરતી
કામના કલાક: સવારે ૮:૪૫ થી બપોરે ૧: ૪૫, બપોરે ૨:૪૫ થી સાંજે ૭:૪૫
વેતન/કલાક: વેલ્ડર વેતન પ્રતી કલાક : રૂા. ૫૦/- હેલ્પર વેતન પ્રતી કલાક : રૂા. ૩૫/-
PF કાપવાપાત્ર રહેશે.
ALL FEBRICATION SOLUTIONS
આવતા પહેલા CV રીઝ્યુમ વોટ્સએપ કરી દેવું.
મહાજન ફેબ્રીકેશન
મહારાષ્ટ્રીય સમાજ પાસે, ભાવકા ભવાની મંદિર પાસે, ચિત્તલ રોડ, અમરેલી.
95 86 86 0123

શું તમને સાંભળવાની તકલીફ છે ?
ફ્રી બહેરાશની તપાસ સલાહ, માર્ગદર્શન
તા. ૧૫ થી ૩૧ માર્ચ સુધી
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્ક ના આધુનિક મશીન વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાયમી સરનામું
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363












# ટાબરીયાનું જંગ : રાહ જોઈએ છીએ..

કહેવા લાગ્યો : ''ડર નહીં બેનાં ! એ કૂતરાં જ છે. વાઘ હોત ને તો પણ આ છરા વડે આખેઆખો ચીરી નાખત.''અંદર સૌ પરસેવે રેબઝેબ. અંદરની લાચારીનો અણસાર ન આવે તે માટે હીરો દિશુનાં ભીડાયેલા મોઢાં, ને બહાર કૂતરાંઓની ભૂખ ને ગુસ્સાથી વધતી જતી અકળામણ.– પરિસ્થિતિ તંગ હતી. પછી તો કૂતરાં જીપગાડી પર લાંબા ઠેકડાં મારતાં પગ ટેકવી બારીઓ પર પ્રહાર કરવાનો પેંતરો રચી રહ્યાં. લાચાર બાળકો ડરથી ફફડી રહ્યાં.ને ત્યાં કૂતરાંઓનાં ઘુરકિયાઓને દાબી દેતો ભાંભરડાનો અવાજ બાળકોએ સાંભળ્યો. કૂતરાંઓનાં હાઉવાઉથી તંગ થઈને જંગલી ભેંસો આ તરફ ધસી આવતી હતી. ઉશ્કેરાયેલી ભેંસો શિંગડાં ઉલાળતી ધસી આવી. ખીજાયેલી ભેંસોએ કૂતરાંઓને શિંગડે ચડાવ્યા. એક કૂતરાને પગ તળે કચડી નાખ્યો. બાકી રહ્યાં ત્રણ. તેમણે નવી વ્યૂહરચના ઘડી. તેઓ એક કદાવર ભેંસ પર એકસંપ થઈને તૂટી પડ્યાં. ફાંદ ને આંચળવાળા ભાગ પર અસંખ્ય બચકાં ભરી. લોહિયાળ થતાં તે ભાંગી પડી. લોહીથી લથબથ હાલતમાં લથડિયાં ખાવા લાગી. શાકાહારી જીવોને શરીરમાંથી લોહી વહેતું જોવાનો અનુભવ ડર ઉપજાવનારો બની રહે છે. પણ કુદરતનું કરવું થયું એવું કે તેઓમાંના એક સાથીદારને મરણતોલ દશામાં જોઈને તે ભેંસો વધારે ભૂરાયી બની. શિંગડા વીંઝતી ખરી ઓઘસતી બંને ભેંસો કૂતરાંઓને કચડી નાખવા આગળ ધસી. ટાબરિયાંઓ માટે આ હરખની કિલકારીઓ કરવાનું ટાંકણું હતું. હીરોએ પણ હરખનો ઘુઘવાટો કર્યો. જોતજોતામાં બે કૂતરાંનો સફાયો થઈ ગયો. કચડાયેલા અંગોનાં ફોદેફોદાં નીકળી ગયાં. ને એક કુત્ત તો જીવ બચાવવાં લોહીલુહાણ હાલતમાં પૂંછડી દબાવતું દોટ મૂકીને જાય ભાગ્યું. ને જંગમાં જીતેલી ત્રણેય ભેંસો લોહીમાં નાહીને નસકોરાં ફુત્કારતી ચાલી નીકળી. ટાબરિયાંઓ સહિત આખું જંગલ તેમને આભારવશ નજરે જોઈ રહ્યું.''શું ભગવાન ભેંસ બનીને બચાવવા માટે આવે ?'' દિશાથી બોલાઈ ગયું.

''આ અબજોની જીવસૃષ્ટિને સંભાળનારને માટે બધાં દેહ એક સમાન હોય,'' ધરાએ તેને સમજાવ્યું,''મારવાવાળાને બે જ હાથ છે ને બચાવવાવાળો હજાર હાથવાળો છે.''

વિશુએ બહાર જોયું. મરાયેલાં કૂતરાંનાં શબ સિવાય જંગલ પહેલાં જેવું જ દેખાતું હતું. એ જ પ્રમાણે પૂર્વવત તમરાંનો અવાજ ગુંજવા લાગ્યો. આગિયા ચમકી રહ્યા. દૂર દૂરથી શિયાળની લાળી સંભળાઈ રહી... ચંદ્ર અહીંથી રિસાઈને કશેક જતો રહ્યો... તાપણું ધીમું પડી ગયું.. રાત સાંય સાંય કરતી પસાર થઈ રહી... બાળકો નચિંત થઈને ઘસઘસાટ ઊંઘી ગયાં..... નાયક બાળકોને ઊંઘમાંય સપનામાં હિંમત બંધાવતો હતો. ''ડરી ડરીને જીવવું નહીં; ડરી ડરીને જીવવું નહીં...'' (જંગલમાં ટાબરિયાંઓનો જંગ) **(ક્રમશઃ)**

# સંત દર્શન – રવિશંકર મહારાજ

રાજસ્થાનનાં ગામડાંમાં અમારી યાત્રા ચાલતી હતી. બાવીસ માઈલ (૩૫ કિ.મી.) ચાલીને અમે એક ગામમાં પ્રવેશ્યા. ઉતારા માટે એક–બે જણને પૂછ્યું પણ કોઈએ હાથ મૂકવા દીદો નહીં. અમે એક જૈન ધર્મશાળામાં જઈ ઊતરવાની માગણી કરી તો સાફ ના પાડી દીધી. ત્યાંથી એક હિંદુ ધર્મશાળામાં ગયા તો વાત સાંભળવાની તો દૂર રહી, અંદર પ્રવેશ કરવા પણ ન દીધો. આખું ગામ કોંગ્રેસ વિરોધી. અમારી ખાદીની ટોપી અને કપડાં જોઈ અમને કોંગ્રેસવાદી માની લીધાં. (ઈ. ૧૯૫૭–૫૮ની આ વાત છે.) મેં લોકોને સમજાવવા બહુએ પ્રયત્ન કર્યો. પણ ગુજરાતના આ સંતને કોણ ઓળખે ? (ભગવા હોત તો કદાચ આવકાર પણ મળે, ભગવાનું હજી




પણ માન છે.)

અમે ગામ બહાર આવ્યા. ત્યાં ખેડૂતની રજા લઈ કોસના પાણીથી સ્નાન કર્યું. ચોખ્ખા પાણીનો લોટો ભરી એક બંધ શાળાના ઓટલે દાદાને બેસાડી હું નાસ્તાની શોધમાં ગયો. દાદાને બજારની વસ્તુ ખપે નહીં. રસ્તે એક બહેન એક જ પપૈયું લઈ બેઠેલા તેણે માગ્યા તેટલા પૈસા આપી દાદા માટે તે ખરીદ્યું અને મારા માટે ગોળ–ચણા લીધાં અને દાદા પાસે જઈ શાળાના ઓટલે તે ખાધાં. પાંચ વર્ષની પદયાત્રામાં અનેક કડવ–મીઠાં અનુભવો થયા પણ આ ગામ જેવો જાકારો કશેય અનુભવ્યો ન હતો. તે પ્રસંગે દાદાએ હસતાં હસતાં કહ્યું, 'કોંગ્રેસે આ ગામની બહુ સેવા કરી લાગે છે.'

(સંદર્ભ – મ. જો. પટેલ કૃત મહારાજના મુખેથી અને બીજી વાતોમાંથી)

# હસવાની મનાઈ છે

**હવે સમજાય છે**

શિક્ષક : તને ખબર છે, મનિયા ! મૂરખ માણસ એટલા અને એવા સવાલો કરી શકે છે જેમના જવાબ ડાહ્યો માણસ પણ ન આપી શકે.

મનિયો : હવે મને સમજાય છે કે પરીક્ષામાં હું નાપાસ કેમ થયો !

**અપકાર**

'આ તો બહુ જ હીન પ્રકારનો તફડંચીનો કેસ છે.' ન્યાયાધીશે ગંભીર અવાજે કહ્યું. 'તેં મફત દવાખાનામાં નિદાન કરાવ્યું. મફત દવા લીધી. મફત પોષક આહાર લીધો, અને એ ઉપકારના બદલામાં ડોક્ટરની ઘડિયાળ તફડાવી લીધી !'

'પણ સાહેબ, ડાક્ટરે કહેલું કે દર કલાકે ચમચી દવા લેવી,



અને મારી પાસે ઘડિયાળ હતી નહિ !'

**બહુમતી અમારી છે !**

નેતાજી પેંડા વહેંચતા હતા. કોઈએ પૂછ્યું, ''શાના પેંડા છે ?''

નેતા : ''દીકરાની પરીક્ષાના.''

''પણ... તમારો દીકરો તો નાપાસ થયો છે !''

''બરાબર છે. પચાસના ક્લાસમાંથી પાંત્રીસ નાપાસ થયા છે. આનંદની વાત એ છે કે બહુમતી મારા દીકરાની સાથે છે. લો પેંડો ખાવ !''

**એટલો મોટો ક્યારે ?**

''બાપા, હું મારી મરજી મુજબ વર્તી શકું એટલો મોટો ક્યારે થઈશ ?'' મનિયાએ પૂછ્યું.

''એટલું મોટું કોઈ ક્યારેય થઈ શકતું નથી, બેટા,'' છગને કહ્યું.

બાલ એક્સપ્રેસ — પ્રિન્સીપાલ/ટ્રસ્ટી શ્રી રવજીભાઈ કાચા સાહેબ, શ્રી દિપક હાઈસ્કૂલ, શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી, મો.૯૪૨૮૧ ૫૫૭૭૨

# ચિત્રમાં રંગ પુરો



# જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત સપ્તાહ તથા કથામૃતમાંથી વીણેલા

**સ્કંધ પહેલાં**

૧. બીજાને સુખે સુખી થવુ એ પ્રેમનું લક્ષણ છે.
૨. ભગવાનનો આશ્રય લે તે નિષ્કામ બને છે.
૩. ભકિત વિના વૈરાગ્ય અને જ્ઞાન ન મળે.
૪. મત્સરએ મોટામાં મોટો શત્રુ છે.
૫. કથા સાંભળો અને કથાના સિધ્ધાંતો જીવનમાં પણ ઉતારો.
૬. મનુષ્ય નિર્મત્સર ન બને ત્યાં સુધી તેનો ઉધ્ધાર થતો નથી.
૭. ઘરનાં કાર્યો કર્યા પછી માળા જપ કરીશ એમ નહીં પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી બધા કાર્યો કરો.
૮. પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી.
૯. પરમાત્માની કથા વારંવાર સાંભળશો ત્યારે પ્રભુ પ્રત્યે પ્રેમભાવ જાગશે.
૧૦. તપશ્ર્ચર્યામાં સ્ત્રીનો, દ્રવ્યનો બાળકનો સંગ બાધક છે.

# સફળતાનો અર્ધો નહીં, પૂર્ણ આધાર - આયોજન

ઈતિહાસ અનેક ઘટનાઓ દ્વારા એ વાતની ગવાહી આપે છે કે આયોજિત સૈન્ય જ યુધ્ધ જીતે છે, સંખ્યાબળ કે લડાયક વૃતિઓ નહીં ! જેઓ ધારી સફળતા મેળવી શકતા નથી તેઓની યોગ્યતા જરા પણ ઓછી આંકવી ન જોઈએ, પરંતુ એમના આયોજનમાં અધૂરરૂપ હોય છે. આયોજન એ એક પ્રકારની સ્થાપત્ય વિદ્યા છે, આયોજક એક ઉત્તમ કોટિનો આર્કિટેકટ છે, એ નિર્ભૂલ હોવો અનિવાર્ય છે, તો જ ઈમારત સદીઓ સુધી પ્રશંસાને પામે ! તાજમહાલ શાહજહાંનું સાકાર સ્વપ્ન છે પણ વંદન તો એના આર્કિટેકટ કરવા પડે છે, જેણે નખશિખ બેનમૂન કલાકૃતિને કંડારી છે ! આયોજન એ એક પ્રકારની ભવિષ્યગામી વિદ્યા છે, એમાં જો અને તો પણ હોય છે, આવનારા સંજોગોનો પૂરેપૂરો વિચાર કર્યા પછી થતો આરંભ જ આયોજનને વફાદાર રહી શકે. મેનેજમેન્ટની વિદ્યાશાખામાં કેન્દ્રમાં જ આયોજન છે. કારકિર્દી, ફાઈનાન્સ, મહત્ત્વાકાંક્ષા આ બધામાં આયોજન ન હોય તો આદર્યા અરમાન અધૂરા રહે છે. સફળતાને પ્રાપ્ત કરતા પહેલા આયોજન કરવું અને આયોજન કરતા પહેલાં આયોજન શીખવું.

જ્ઞાનજયોતિ — શ્રી ગિજુભાઈ ભરાડ

# વિજળીના ચમકારે મોતી પરોવી લેજો... ભાઈ !

દીકરી ઘરે રૂડા પણ દીકરી વિના ઘેર અંધારા.

દીકરીને પારકે ઘેર મોકલવાની છે. ઉંમરલાયક થતા માવતર અને ચિંતામાં ખોવાઈ જાય છે. આ એક સાંસારિક વ્યવહાર છે. તેમ છતાં એક વાત ભૂલાય નહિં.

સંસારની બીજી પળોજણમાં, નિર્મળ પ્રેમના ખળખળ વહેતા ઝરણા જેવી દીકરીની આભાને ભૂલતા નહીં. લક્ષ્મી અને સરસ્વતીની સાક્ષાત સ્વરૂપા એવી દીકરી ઘરમાં કુમ કુમ ડગલા ભરતી હોય ત્યાં સુધીનો લ્હાવો લઈ લેજો. સમયને સરતા વાર નહીં લાગે. કાલ સવારે બાપનું આંગણું ઓળંગીને, બીજાના કુળને તારવા ચાલી જશે

દીકરી વ્હાલનો દરિયો — લેખકશ્રી બલદેવભાઈ ઓઝા

ત્યારે એ જોગમાયા વિના ઘરમાં ધોળા દિવસે અંધાર ઉતરશે !

દીકરીને ભરપુર પ્રેમ આપો. ગૃહસ્થ જીવનમાં અમૃત સમાન એવા એના નિર્મળ હદયમાં વહેતા પવિત્ર ઝરણાનો આસ્વાદ માણતા રહો.

# ત્રીજા પુત્રનો જન્મ

તે સમયે સ્વર્ણલતા દેવી કોલકાતામાં ડો. કૃષ્ણધન ઘોષના મિત્ર મનમોહન ઘોષને ત્યાં હતાં. ત્યાં તેમણે ઈ.સ.૧૮૭૨ પંદરમી

શ્રી અરવિંદ જીવનધારા — ગુજરાત સાહિત્ય અકાદમી — લેખકશ્રી : જ્યોતિબહેન થાનકી

ઓગસ્ટે સવારે ચાર ને વીસ કલાકે ત્રીજા પુત્રને જન્મ આપ્યો. તેમને બિનયભૂષણ અને મનમોહન એ બે પુત્રો હતા. સહેજ ભીનો વાન, લંબગોળ ચહેરો, વિશાળ લલાટને કોમળ આંખોવાળા આ પુત્રે ડો. કૃષ્ણધનના અંતરને આકર્ષી લીધું. પિતાએ નકકી કર્યુ કે પુત્રને પૂરેપૂરો 'ઈંગ્લિશમેન' જ બનાવવો. આથી પિતાએ એને અંગ્રેજી નામ આપવા વિચાર્યુ. તે સમયે ડો. મનમોહનનાં મિત્ર કુમારી એક્રોઈડ ત્યાં હાજર હતાં. એમના નામ પરથી ડો. કૃષ્ણધને પુત્રનું નામ આપ્યુ : 'અરવિંદ એક્રોઈડ ઘોષ.' શ્રી અરવિંદ સાથે આ નામ ઘણાં વરસો જડાયેલું રહ્યું પણ પછી તેમણે પોતાના નામમાંથી એક્રોઈડ ઉડાવી દીધું.

# કોઈની ઈર્ષા કરશો નહીં

ઈર્ષા ઘણીવાર માનસિક શાંતિમાં ખલેલ પહોંચાડે છે. તમે કોઈની પણ ઈર્ષા કરો છો ? ઈર્ષા એ તો મોઢામાં પડેલું ચાંદુ છે. 'અ' એ તમારી કચેરીમાં તમારી બઢતી રોકી રાખી છે, કે 'બ' એ તમારા ધંધામાં તમારી હરીફાઈ કરીને તમને બરબાદ કરી મૂકયા છે, એમ માનવું ભૂલભરેલું છે. વારંવાર એટલું ધ્યાનમાં રાખો કે : તમારી કારકિંદી કોઈપણ બનાવી કે બગાડી શકતું નથી. તમારી કારકિંદી અને તમારૂ જીવન તમારા પૂર્વ જન્મોનાં કર્મથી જ ઘડાયેલા છે. જીવનમાં ઊંચે આવવાનું હશે તો દુનિયાની કોઈપણ તાકાત તમને રોકી શકવાની નથી, અને તમારૂ નસીબ તમને ઊંચે આવવા દેવાનું ન હોય તો દુનિયાની કોઈપણ તાકાત તમને ઊંચે લાવી શકવાની નથી. દરેક મનુષ્યના જીવન પર તેના પ્રારબ્ધની જ સત્તા ચાલે છે. દરેક મનુષ્યનું જીવન સ્વતંત્ર જ છે. જો કે ઉપર ઉપરથી મનુષ્યોનાં જીવન (અરસ પરસ સંકળાયેલા) જણાય છે. આ બરાબર યાદ રાખો. આ મુદ્દો ફરીથી બરાબર સમજી લો. કદી પણ કોઈની ઈર્ષા કરશો નહીં. તમારી કમનસીબી માટે બીજા ઉપર દોષનો ટોપલો ઢોળશો નહીં.

માનસિક શાંતિનાં સચોટ ઉપાયો — લેખક શ્રી એન.અનંતનારાયનન્

# બગલાની સિંહ સવારી - રવજીભાઈ કાચા

એક ગામના પાદરમાં વડલો હતો. તેના પર જાતજાતનાંને ભાતભાતનાં પક્ષીઓ રહે. એમાં એક બગલો પોતાના પરિવાર સાથે રહેતો હતો. રોજ સવારે ભરવાડ ગામનાં ઢોર ધણ લઈને નીકળે એટલે બગલો પણ તેની સાથે જાય. થોડે સુધી ઊડે ને પછી ભગરી ભેંસ ઉપર બેસી જાય. ભેંસ હતી જાડી, નાનકડા બગલાનો ભાર શી વિસાતમાં? ભેંસ શરીરે અને બુદ્ધિએ પણ જાડી હતી.

ભેંસને બગલાનો અને બગલાને ભેંસનો સંગાથ મળતો. જંગલમાં ભરવાડ ઢોરને છૂટાં મૂકી દઈ પોતે એક મોટા ઝાડની ઓથે લંબાવે. ગીતો ગાય, વાંસળી વગાડે, ટીમણ કરે તો થોડી વાર મીઠી ઊંઘ પણ ખેંચી લે.

ગાયો, ભેંસો થોડી વાર ચરે અને પછી મજાનો છાંયો ગોતી સંગાથે આરામ કરે. આરામ કરતાં–કરતાં વાગોળતાં પણ જાય. એ દરમિયાન સેવાભાવી બગલો બધાં ઢોરની રખેવાળી કરતો જાય અને જીવજંતુનો નાસ્તો કરતો જાય. નમતી સાંજે ધણ ગામ ભણી ચાલવા માંડે. બગલો તો પાદરમાં જ પોતાના ઘેર રોકાઈ જાય.

એક દિવસ એવું બન્યું કે, બગલાની સવારી જંગલમાં જતી હતી, ત્યાં અચાનક ઝાડીમાંથી સિંહ અને સિંહણ નીકળી પડ્યાં. ઢોર ગભરાણાં, નાસભાગ મચી ગઈ. ભરવાડે પરિસ્થિતિ પારખી દેકારા પડકારા કર્યા એટલે સિંહ દંપતી ડરીને ઝાડીમાં ચાલ્યું ગયું.

બીજે દિવસે પણ એવું જ બન્યું પણ આજે તો પક્ષીઓએ જંગલેરની પધરામણીના સંકેત આપી દીધા હતા. સિંહ દૂર હોવાથી ઢોરે ખાસ નોંધ લીધી નહીં. પણ બગલાથી રહેવાયું નહીં. તેણે ભેંસને પૂછ્યું, હેં ભગરીબહેન, આ સિંહ રોજ કેમ આંટા મારવા નીકળતો હશે? નીકળે એનોય વાંધો નહીં પણ તમે બધા એનાથી ડરો છો કાં ?

''તો શું એની સામે મરવા જવાનું ? સિંહ તો જંગલનો રાજા છે, બળિયો પણ ભારે. ધારે તેને મારીને ખાય જાય. શું સમજયા બગલા ભગત.'' ભેંસે પોતાની અનુભવવાણી સુણાવી.

''તે હશે જંગલનો રાજા. એમાં આપણે શું ? એ એને રસ્તે અને આપણે આપણા રસ્તે. શું સિંહને વતાવીએ નહીં તોય આપણને મારી નાંખે ?'' બગલાએ પોતાની ડંફાસ હાંકતાં કહ્યું.

''ના રે ? સિંહ તો રાજા છે. એને ભૂખ લાગી હોય તો જ મારણ કરે નહીંતર બાજુમાંથી નીકળી જઈએ તોપણ કંઈ કરે નહીં.'' માણસોની સાંભળેલી વાણી ભગરી ભેંસે બગલાને કહી સંભળાવી.



બગલાએ સાંજે ઘેર પાછા ફરતાં વિચાર્યુ કે આમ રોજ ભગરી ઉપર સવારી કરીને કંટાળો આવે છે. કંઈક ચેઈન્જ હોય તો ગમે. ગાય, બકરાં, ઘેટાં ઉપર સવારીમાં કંઈ મજા નહીં. આ સિંહ કંઈક બળિયો અને પાંચમાં પૂછાય એવું પ્રાણી. વળી બધાં એનાથી ડરે પણ છે. કંઈક નવું કરીએ તો છાપામાં નામ પણ છપાય. વળી, સિંહ આપણને કરી પણ શું શકવાનો હતો ? મારી ઉડવાની શકિત અને ઝડપ સિંહ પાસે થોડી છે ?

આમ બગલો રોજ સિંહની સવારીના મનસૂબા ઘડે, સ્વપ્નાં સેવે. પણ તેની હિંમત ચાલે નહીં. ભગરી ભેંસની શિખામણ તેને તેમ કરતાં રોકે. વિચારમાં ને વિચારમાં બે–ત્રણ માસ પસાર થઈ ગયા.**(ક્રમશઃ)**

# જુગજુગ જીવો

ત્યાં તો હળવેક થી ડેલી ઊઘડી. ચોરપગલે શિવો ફળિયામાં આવ્યો, ત્યાં જ કાકાએ ટપાર્યો : 'ક્યાં ગ્યો તો શિવા ?'

શિવો જવાબ દીધા વગર આગળ ચાલ્યો, ત્યાં જ કાકા ડંગોરો લઈને ઊઠયા અને શિવાને ઠમઠોરી નાખ્યો. વર્ષોનો વલોપાત પશાકાકા ડંગોરાથી ઠાલવતા હતા.

પણ શિવાએ એકાએક ડગોરો આંચકી લીધો. પછી બાપ સામે ડંગોરો ઉગામીને બોલ્યો : 'ડોહા, બઉ ડખ–ડખ કરીશ, તો તારો ડંગોરો તારા માથે ઝીંકીશ. એક ઘા ઠોકાશે, તો રામનું નામ લેવાનો યે ટેમ નઈ રે.'ત્યાં તો જમનાકાકી હડી કાઢીને આવ્યા અને શિવાના હાથમાંથી ડંગોરો આંચકીને, તેના વાંસામાં ફટકાર્યો :

'કપાતર, બાપ સામે ડંગોરો ઉગામશ ? તારા કરતાં તો મેં પથ્થરો જણ્યો હોત તો સારૂ થાત.'

'ડોહી, હવે તો હું તનેય નંઈ છોડું એમ બોલીને શિવો ડેલી ભટકાડીને બહાર જતો રહ્યો.'

તે રાતે પશાકાકા અને જમનાકાકી ફળિયામાં ખાટલા ઢાળીને આડા થયા. પણ બેંમાંથી એકેયની આંખોમાં ઉંઘ ન ભરાણી. બે ય એક સરખું જ વિચારીને વલોવાતા હતા. કાકીના મનમાં જબરી હલચલ થઈ :'પાણા એટલા દેવ લેખીને, એક કુળદીપકની માંગણી કરી, ત્યારે આ શિવો આવ્યો. ઈને કુળ ઉજાળણ કે'વો કે કપાતર ?' પશાકાકાના માંયલામાં યે મોટી ગડમથલ ચાલી :

સંસ્કાર ગાથા — શ્રી ગિજુભાઈ ભરાડ — પૂ.શ્રી મુકતાનંદ બાપુ

'હે ભગવાન, અમે તો અજાણતાયે કોઈ પાપ કર્યા નથી ને તેં આ વેરીને મારા આંગણે હડસેલ્યો ? લગન પછે બાર વરહે તેં દીકરો આપ્યો, પણ આવો ? આના કરતાં તો અમને વાંઝિયા જ રાખવા'તા ને. અટાણે મારા આંગણે વીહ–વીહ દીકરા તો અડીખમ ઊભા છે, પરભુ, ઈ મારા દીકરા જ નથી, મારા માબાપ છે, માબાપ, નાનકો હતો, તંઈથી માબાપ હાલી નીકળ્યાં, તેં શિવો આપ્યો. યું કે શિવાને હું મારા કરતાંયે સવાયો બનાવીશ, ને ઈ....'

પશાકાકા હિબકે ચડ્યાં. હિબકામાંથી મોં ફાટ રૂદન ફૂટી નીકળ્યું. જમનાકાકી એમના વાંસામાં હાથ ફેરવતા રહ્યા. પાણીનો કળશિયો આપ્યો. કલાક પછી કાકાએ કોગળા કરીને મોંએ પાણી છાંટ્યું. ઘૂંટડો પાણી પીધું. એ રીતે પશાકાકા અને જમનાકાકી મૂંગા મૂંગા બેઠાં રહ્યા.

શિવો ગયો તે પછી પશાકાકાનું મોં સિવાઈ ગયું. મૂંગા મૂંગા ઝાડવાને પાણી પાતા અને ખાટલે જઈને બેસી જતા. જમનાકાકી યે ખપ પૂરતું બલોતા. ઈશારો કરે, ત્યારે કાકા છાશનો કળશિયો લેતા અને પી જતાં.

જીવતર એકદમ સૂનું સૂનું બની ગયું. પશાકાકા દર્શને જતાં, ત્યારે કોઈ સામે મળે તો હાથે ય ઊંચો ન કરતા. મંદિરને બદલે મશાણે ગયા હોય એમ ભગવાનને કહેતા : અલ્યા, તું તે આવો ભૂંડો ? તારા દરશન કરે, તને હૈડામાં રાખે, ઈને જ તું પજવે ?'


પછી મંદિરના ઓટે બેઠા વિના, ફરકતી ધજાના દર્શન કર્યા વિના જ પાછા ફરતા. ખાતા, પણ કોળિયો માંડમાંડ ગળા હેઠે ઊતરતો.


એક દિવસ શાંતિભાઈ પશાકાકાને બાવડું જાલીને ઘેર લઈ ગયા. પાણી પાઈને કહ્યું : 'જે ભૂંડા હોય ઈને યાદ કરી કરીને કાં વલોવાવ ! સારપને સંભાર. ભૂંડપને ભૂલીને રૂડપનું કીરતન કર.'

તે દહાડે કાકાના માંયલામાં ટાઢક વળી. ઘેર આવીને ઝાડવાંને પાણી–ખાતર આપતાં જાય અને બોલતા જાય : 'મારા દીકરાઓ, મા–બાપ, ધરાઈને ખાજો–પીજો. તમારા કોઠા ઠરશે તો અમારી આંતરડી યે ઠરશે.'

પછી કાકા–કાકીએ ખૂબ વાતો કરી. કપાતર ગયાના વલોપાતને જાડી નાખ્યો. કાકાએ કાકીને કહ્યું : **(ક્રમશઃ)**

# આ મારું ચિત્ર છે






ભરાડ કૌશલ
( ધો.રૂપાયતન પ્રા.શાળા)

દિવ્યાંગભાઈ નજુભાઈ વાળા
( કેરીયાચાડ પ્રાથિમક શાળા – કેરીયા ચાડ )






ચાવડા નિકુંજ સુરેશભાઈ
( ધો.૯, કે.કે.પારેખ આ.પિ.વિદ્યાલય)

ચુડાસમા બિન્દા હિતેશભાઈ
(ધોરણ : ૧૦, દિપક હાઈસ્કુલ અમરેલી )

# સોમનાથ ગોલોકધામ ખાતે ભગવાન શ્રીકૃષ્ણનાં નિજધામ ગમન તિથિની આધ્યાત્મિક ઉજવણી











ઈ.સ. પૂર્વે ૩૧૦૨માં ચૈત્ર શુકલ પ્રતિપદાનાં પાવન દિવસે ભગવાન શ્રીકૃષ્ણે પોતાની માનવલીલાને વિરામ આપી સોમનાથનાં પવિત્ર ગોલોકધામથી સ્વધામ ગમન કર્યું હતું. આ ઐતિહાસિક અને આધ્યાત્મિક તિથિને અવસર બનાવી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. પ્રભાસ ક્ષેત્ર–જયાં ભગવાન સોમનાથ જયોતિર્લિંગ સ્વરૂપે બિરાજે છે–એ તપ, જપ અને મુકિતની પવિત્ર ભૂમિ છે. આ ભૂમિ પર જ જગતગુરૂ શ્રીકૃષ્ણે પોતાની દિવ્ય જીવનલીલાને વિરામ આપવા પસંદગી કરી હતી. ગોલોકધામએ તે દિવ્ય સ્થાન છે. જયાંથી ભગવાન શ્રીકૃષ્ણે પૃથ્વી લોકમાંથી વૈકુંઠ તરફ પ્રસ્થાન કર્યું હતું. આ પવિત્ર ભૂમિમાં શ્રીકૃષ્ણની ચરણરજ સમાયેલી છે, જેના કારણે પ્રભાસ 'હરિ–હર ભૂમિ' તરીકે પણ પ્રચલિત છે. જયાં શિવ અને કૃષ્ણ બંનેની દિવ્ય ઉપસ્થિતિનો સંગમ છે. નિજધામ ગમન તિથિનું શાસ્ત્રીય તારણઃ ગોલોકધામ ખાતે પરિભ્રમણ દરમિયાન સ્વામી શ્રી જ્ઞાનાનંદ સરસ્વતીએ ચાતુર્માસ વ્રત દરમિયાન શાસ્ત્ર અને જયોતિષનાં આધારે કાળ ગણનાં કરી હતી. આ અનુસાર ભગવાન શ્રીકૃષ્ણે ચૈત્ર શુકલ પ્રતિપદાનાં દિવસે બપોરે ૨ કલાક ૨૭ મિનિટ અને ૩૦ સેકન્ડે પૃથ્વી લોકમાંથી સ્વધામ ગમન કર્યું હતું. પાવન ઉજવણીની ભવ્ય શરૂઆતઃ ઉત્સવની શરૂઆત સૂર્યોદય સમયે નવા વર્ષની પ્રથમ કિરણોનાં વધામણા સાથે થઈ. સંસ્કાર ભારતી ગુજરાતનાં કલાકારો તથા સોમનાથ સંસ્કૃત પાઠશાળાનાં વિદ્યાર્થીઓએ મંત્રોચ્ચાર સાથે સૂર્યને અર્ધ્ય અર્પણ કરીને પવિત્ર વાતાવરણ સર્જયું. આ અવસરે ટ્રસ્ટી જે.ડી. પરમાર અને ટ્રસ્ટ પરિવાર દ્વારા ગોલોકધામ ખાતે ધ્વજારોહણ કરવામાં આવ્યું. ભગવાન શ્રીકૃષ્ણને અતિપ્રિય ગૌમાતાનું પૂજન કરવામાં આવ્યું તેમજ પર્યાવરણ સંરક્ષણનાં સંદેશ સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું. ચરણપાદુકા પૂજન અને ભક્તિભાવનો ઉલ્લાસઃ શાસ્ત્રોક્ત સમય બપોરે ૦૨:૨૭:૩૦ વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણનાં સ્વધામ ગમનની પવિત્ર ક્ષણે ચરણપાદુકાનું વિશેષ પૂજન કરવામાં આવ્યું. શંખનાદ અને જયઘોષ વચ્ચે સમગ્ર વાતાવરણ 'હરિ નામ'ના ગુંજનથી ગુંજી ઉઠયું અને ભક્તિની ગંગા વહેતી થઈ. ગીતા પાઠ, યજ્ઞ અને સાંસ્કૃતિક કાર્યક્રમોઃ ગીતા મંદિર ખાતે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ અને ટ્રસ્ટની સંસ્કૃત પાઠશાળાનાં ઋષિકુમારો દ્વારા ગીતા પાઠ કરવામાં આવ્યા હતા. યજમાન વેજાણંદભાઈ વાળા પરિવાર દ્વારા વિષ્ણુયાગ યજ્ઞ સંપન્ન થયો. સાંજે સંસ્કાર ભારતી દ્વારા ગોલોકધામ ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો અને અંતે શ્રીકૃષ્ણની પાદુકાજીની મહાઆરતી સાથે દિવસના ધાર્મિક કાર્યક્રમો પૂર્ણ થયા. આ કાર્યક્રમોમાં ટ્રસ્ટી જે.ડી. પરમાર, જનરલ મેનેજર, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા અને આ પવિત્ર પ્રસંગનાં સાક્ષી બની ધન્યતા અનુભવી. ભજન, ભોજન અને ભક્તિ સાથે સમાપનઃ કાર્યક્રમનાં અંતે ભોજનપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું. સૌરાષ્ટ્રની પરંપરા મુજબ ભજન, ભોજન અને ભક્તિનાં સુમેળ સાથે કાર્યક્રમને ભાવપૂર્ણ વિરામ અપાયો. સમાપન સમયે વરસેલા હળવા વરસાદે જાણે ભગવાન શ્રીકૃષ્ણના વૈકુંઠ આગમન પર પ્રકૃતિ દ્વારા અમીવર્ષા કરી સ્વાગતની અભિવ્યકિત આપી હોય તેવી અનુભૂતિ કરાવી હતી.

## લાઠી તાલુકાના ઈંગોરાળા ગામે વન્ય પ્રાણીના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલ કિશોરીને રૂપિયા ૨ લાખની સહાય

### ધારાસભ્ય તળાવીયાના હસ્તે સહાયનો ડી.ડી. એનાયત




અમરેલી, તા. ૨૦

અમરેલીના લાઠી તાલુકાના ઈંગોરાળા ગામે વન્ય પ્રાણી અને માનવ સંઘર્ષની બનેલી દુઃખદ ઘટનામાં ઈજાગ્રસ્ત બનેલી કિશોરીને આજે રાજય સરકારના વન વિભાગ તરફથી આર્થિક સહાય પૂરી પાડવામાં આવી હતી.

ઈંગોરાળા સીમ વિસ્તારમાં વન્ય પ્રાણીના હુમલાનો ભોગ બનેલી રૂકીના કેન્દુ ભુરીયા (ઉં.વ.૧૫) નામની દીકરીને આજે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ૨,૦૦,૦૦૦ નો ડિમાન્ડ ડ્રાફટ અર્પણ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત તા.૨૫/૧/૨૬ના રોજ લાઠી તાલુકાના ઈંગોરાળા ગામની સીમમાં વાડી વિસ્તારમાં વન્ય પ્રાણીએ હુમલો કરતા આ કિશોરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી.

આ ઘટનાને પગલે વન વિભાગ દ્વારા નિયમોનુસાર વળતરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત આજે તા.૧૯ ના રોજ આર્થિક સહાયની ચુકવણી કરવામાં આવી છે. આ સમયે ગામના આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં આ સહાય અર્પણ કરવાના કાર્યક્રમમાં સામાજિક વનીકરણ વિભાગ, અમરેલીની વિસ્તરણ રેન્જ – લાઠીના અધિકારીઓ અને કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સંકુલ KG થી PG પ્રવેશ
સ્કૂલ કોલેજ હોસ્ટેલ
ગુજરાતી – ઇંગલીશ મિડીયમ
સવાર બપોર શીફટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 228

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં દુધાળાની હેતની હવેલી ખાતે 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરાશે

### ધોળકિયા ફાઉન્ડેશન અને હરિકૃષ્ણ એકસપોર્ટ દ્વારા આયોજન

લીલીયા, તા. ૨૦

લાઠી તાલુકાના દુધાળા નજીક આવેલ હેતની હવેલી ખાતે ધોળકિયા ફાઉન્ડેશન અને હરિકૃષ્ણ એકસપોર્ટના માલિક અને પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા દ્વારા તારીખ ૨૨માર્ચ વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.

આ પ્રસંગે રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે ગાગડીયો નદી પર બનાવેલ CIBJO-100 સરોવરનું લોકાર્પણ કરવામાં આવશે આ પ્રસંગે રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયા સાંસદ ભરતભાઈ સુતરીયા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા સહિત જુદા જુદા ૧૪ દેશોના એમ્બેસેડર અને હાઈ કમિશનર ઉપસ્થિત રહેનાર છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના માર્ગદર્શન તળે તળાવમાં તૈયારીઓ ચાલી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી

કેટલાક ખેડૂતો મજૂરો રાખીને પડી ગયેલી કેરીઓ ભેગી કરી રહ્યા છે, પરંતુ બજારમાં યોગ્ય ભાવ ન મળવાની ચિંતા પણ વધતી જાય છે.

છેલ્લા બે દિવસના વરસાદે ખેતી માટે આશીર્વાદ નહીં પરંતુ નુકસાનનો વરસાદ સાબિત થયો છે. ખેડૂતો સરકાર તરફ આશા રાખીને બેઠા છે કે તાત્કાલિક સર્વે કરીને ખેતી અને બાગાયતી પાકોને થયેલ નુકસાન બદલ યોગ્ય સહાય આપવામાં આવશે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરામાં આંગણવાડી વર્કરે

અમોને જે મોબાઈલ આપવામાં આવેલ છે ફિકસ પગારમાંથી કાયમી પગાર ધોરણ આપવું અને સરકાર દ્વારા આંગણવાડીને છેલ્લા ત્રણ માસથી બિલો ચૂકવેલ નથી તે બિલો ચૂકવવા અને આવી મહિલાઓ કે જે આંગણવાડી ખાતે ફરજ બજાવી રહેલા છે તો આ તમામ માંગણીઓનો સુખદ અંત આપો તેવી માંગણી સાથે મહિલાઓ દ્વારા હમ સબ એક હે હમારી માંગણી પુરી કરો તેવા નારા સાથે આવેદન આપવામાં આવ્યું હતું. અને જો અમારી માંગણી પુરી નહિ કરવામાં આવે તો અમારા યુનિયન દ્વારા હવે પછી જે મિટિંગમાં નિર્ણય કરવામાં આવશે તે મુજબ આંદોલન કરવામાં આવશે. અમો આ આંદોલનને વધુ જલદ રૂપ આપીશું તેવી ચીમકી ભાવનાબેન ભટ્ટી જિલ્લા આંગણવાડી પ્રમુખ દ્વારા આપવામાં આવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું મુખ્યમંત્રી શનિવારે નહી રવિવારે પધારશે

ખર્ચે નિર્મિત મોંઘીબા કન્યા શાળા, લાઠી તાલુકાના ટોડા ખાતે રૂપિયા ૧.૦૯ કરોડનાં ખર્ચે નિર્મિત પ્રાથમિક શાળા, રાજુલા તાલુકાનાં ડોળિયા ખાતે રૂપિયા ૧.૦૬ કરોડના ખર્ચે નિર્મિત પ્રાથમિક શાળા, ધારીના છતડીયા ખાતે રૂપિયા ૧.૪૭ કરોડના ખર્ચે નિર્મિત માધ્યમિક શાળાનું, સાવરકુંડલા તાલુકાના મિતિયાળા ખાતે રૂપિયા ૧.૭૨ કરોડના ખર્ચે નિર્મિત માધ્યમિક શાળાનું લોકાર્પણ થશે. જયારે સાવરકુંડલા તાલુકાના આંબરડી મુકામે રૂપિયા ૧.૫૨ કરોડ ખર્ચે નિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ થશે.

પીજીવીસીએલ દ્વારા અમરેલી વર્તુળ કચેરી દ્વારા રૂપિયા ૨.૬૯ કરોડના ખર્ચે નવનિર્મિત અમરેલીની ૨ વિભાગીય કચેરીઓ તથા રાજુલા શહેર અને રાજુલા ગ્રામ્ય વિભાગની રૂપિયા ૧.૭૩ કરોડના ખર્ચે નિર્મિત કચેરીનું લોકાર્પણ થશે.

આ વિકાસકાર્યોના લોકાર્પણથી સ્થાનિક નાગરિકોને વધુ સારી અને ગુણવત્તાસભર સુવિધાઓ ઉપલબ્ધ બનશે તથા જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ વેગ મળશે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લા ઓપન જેલનાં

હોય અને તે સમયે અમરેલીમાં રહેતાં આરોપી કાર્તિક રાઠોડે વાલજીભાઈ ઉર્ફે વલકુ વેલજીભાઈ સાંગા સાથે બોલાચાલી કરી માથાકુટ કરતા હતાં. તેઓએ આરોપીને કહેલ કે દુધ પુરૂ થઈ ગયેલ હતું જેથી દૂધની બરણી ભરવામાં આવેલ નથી તેવુ સમજાવતા હતા. તે દરમ્યાન જેલમાં કલાર્ક તરીકે ફરજ બજાવતાં રણજીતભાઈ તથા ઓપન જેલના કાર્યકારી અધિક્ષક એ.એન. પરમાર દ્વારા આરોપીઓને સમજાવતા હતાં. તેમ છતાં આરોપી સમજેલ નહી અને કલાર્ક રણજીતભાઈ સાથે ગેરવર્તન કરી તેમની વાત ન માની ઉગ્ર થઈ જઈ અને તેમને ગાળો આપી ઝપાઝપી કરી હતી. તે સમયે જેલ સિપાઈ ચદ્રેશભાઈ એમ. વાળાને પણ આરોપીએ ગાળો આપી તથા ઝપાઝપી કરી રાજયસેવકની ફરજમાં રૂકાવટ કરી આરોપીએ પોતાના હાથમાં રહેલ સ્ટીલની બરણી વડે જેલ સિપાઈને માથાના ભાગે મારી ઈજા કરી હતી. આ ઉપરાંત આરોપીએ રાજયસેવક ઉપર વ્યથા કરી હુમલો કરેલ હતો અને રાજયસેવકને એટ્રોસીટી તથા મારામારીના ખોટા કેસોમાં ફીટ કરી દેવાની આરોપીએ ધમકી આપી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કર્યાની આરોપી સામે ઓપન જેલના કાર્યકારી અધિક્ષક એ.એન. પરમારે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

તો આ જ બનાવમાં સામાપક્ષે અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ વેસ્ટર્ન પાર્કમાં, પીરની દરગાહ પાસે રહેતાં કાર્તિક નરેશભાઈ રાઠોડ નામનાં ૩૦ વર્ષીય વિદ્યાર્થીએ જેલમાં સિપાઈ તરીકે ફરજ બજાવતાં ચદ્રેશભાઈ વાળા સામે ફરિયાદમાં જણાવેલ છે કે, તેઓ અમરેલી જીલ્લા જેલ ખાતે દુધ લેવા માટે ગયેલ અને દુધ ન મળતા વિદ્યાર્થીએ આ અંગે જેલરને રજુઆત કરવા માટે ગયેલ હતાં અને સામાવાળા અમરેલી જીલ્લા જેલ ખાતે જેલ સિપાઈ (સરકારી કર્મચારી) તરીકે નોકરી કરતા હોય જેઓએ વિદ્યાર્થી સાથે ઉગ્ર બોલાચાલી કરી તને દુધ દેવાનું નથી થાતું તું અહિયા આવતો નહિ તેમ કહી જ્ઞાતી પ્રત્યે હડધુત કરી વિદ્યાર્થી પાસે રહેલ ખાલી દૂધની સ્ટીલની બરણી આંચકી લઈ અને વિદ્યાર્થીને માથામાં તેમજ બંન્ને પગમાં મારી તથા આરોપી લાકડાનો ધોકકો લઈ આવી વિદ્યાર્થીને બંન્ને પગમાં ધોકા વડે માર મારી ડાબા પગે ફેકચર કરી દીધાની સામી ફરિયાદ નોંધાવી છે.

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભા પંથકમાં કમોસમી વરસાદથી

જેવા પાકને ભારે નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. ખાંભાના ખેડૂત કાળુભાઈ વોરાના ખેતરમાં ૯ વિઘા જેટલી ડુંગળીની ખેતી તૈયાર હાલતમાં હતી અને કાપણીની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન અચાનક પવન સાથે કમોસમી વરસાદ વરસતા ડુંગળીનો પાક પલળી ગયો હતો, જેના કારણે ઉત્પાદન પર ગંભીર અસર પડી છે. ખેડૂતોનું કહેવું છે કે દર વર્ષે આવું કમોસમી માવઠું તેમની મહેનત પર પાણી ફેરવી દે છે. ખાસ કરીને કાપણીના સમયમાં પડતો વરસાદ સૌથી વધુ નુકસાનકારક સાબિત થાય છે. તલ અને બાજરીના પાકમાં પણ નુકસાનની ફરિયાદો ઉઠી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખેડૂતો માટે સરકારે તાત્કાલિક નુકસાનનું સર્વે કરી યોગ્ય સહાય અને વળતર આપવામાં આવે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે. ખેડૂતો માટે આર્થિક રીતે આ સ્થિતિ મુશ્કેલ બની રહી છે અને સરકાર તરફથી સહાયની આશા રાખી રહ્યા છે. ખેડૂતો.

## પાના ૮ ઉપરનું ચાલું રૂપિયા ૧.૨૨ કરોડની ઠગાઈ કરાઈ

કરી ગુનો કર્યાની આ જનરલ મેનેજરે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં કોઈ અજાણ્યા મોબાઈલ નંબરવાળા આરોપીએ ગત તા. ૨૯/૧/૨૬ થી તા. ૧૧/૩/૨૬ દરમ્યાન ફેસબુક એપ્લીકેશનની એડ મારફતે 5paisa stock research (BUY/ HOLD/SELL) નામની બનાવટી પોસ્ટથી એડ. આપી શેર માર્કેટમાં રોકાણ કરી ઉંચુ વળતર આપવાની લાલચ આપેલ હતી. જેમાં મુળ હરીયાણાના વતની અને હાલ જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે રહેતાં અને સિન્ટેક્ષ યાર્ન લીમીટેડ કંપનીમાં જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતાં વિકાસ શ્રીરામસ્વરૂપ યાદવે વોટ્સએપ નંબર જેમાં શાલીની કુલકર્ણી નામના લખેલ આવતું હતું તે વ્યકિતએ આ જનરલ મેનેજરને વોટ્સએપ ગ્રુપની લીંક મોકલી Z-79 5PAISA CAPITAL ACHIEVERS નામના ગ્રુપમાં એડ કરી અને આ જનરલ મેનેજરને ફાયદાવાળા શેરની માહિતી દેખાડી લોભ લાલચ આપી લીંક મોકલી 5PCLPMTAMAX નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી. બાદમાં Z-55 - 5paisa customer service center નામના વોટ્સએપ ગ્રુપમાં એડ કરી દીધાં હતાં. તેમાં કુલ ચાર વ્યકિતએ મોબાઈલ નં. જે 5paisa કસ્ટમર કેરના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી વાતચીત કરી હતી. આ જનરલ મેનેજરને જુદી જુદી બેંકોના ખાતાઓની વિગતો મોકલી હતી અને આ જનરલ મેનેજર પાસેથી કુલ રૂપિયા ૧,૨૨,૮૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી અને 5 PCLPMTAMAX એપ્લીકેશનમાં થયેલ પ્રોફીટ ઉપાડવા માટે હજુ વધુ પચાસ લાખ ફી ચુકવ્યા બાદ જ જનરલ મેનેજરને તેના પૈસા મળશે તેવી ધમકી આપી તેમની સાથે ઠગાઈ કરી ઓનલાઈન સાયબર ફ્રોડ કરી ગુનો કર્યાની આ જનરલ મેનેજરે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૪૩૧ |
| ૨ | કપાસ | – | ૧૫૧૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૧૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૩ |
| ૫ | બાજરો | ૫૦૦ | ૬૦૪ |
| ૬ | જુવાર | ૯૦૦ | ૧૧૦૦ |
| ૭ | મગ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૦૩૫ |
| ૯ | દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૪૫ |
| ૧૦ | તુવેર | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ૧૧ | એરંડી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૧૨ | ધાણા | ૧૯૦૦ | ૨૧૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૨૪ |
| ૨ | ઘઉં લોકવન | ૩૬૦ | ૪૪૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૮૨ | ૪૮૧ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૧૪ |
| ૫ | ધાણા | ૧૫૩૫ | ૧૯૬૦ |
| ૬ | શીંગદાણા | ૧૪૩૫ | ૧૪૩૫ |
| ૭ | તુવેર | ૮૯૫ | ૧૪૫૦ |
| ૮ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૯ | મગફળી | ૧૧૨૫ | ૧૧૯૫ |
| ૧૦ | સોયાબીન | ૮૮૦ | ૯૭૦ |
| ૧૧ | ધાણી | ૧૫૧૫ | ૧૫૫૫ |
| ૧૨ | રાય | ૭૦૦ | ૭૦૦ |
| ૧૩ | એરંડી | ૭૦૦ | ૧૧૬૨ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ કાળા | ૨૬૫૦ | ૨૬૫૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૪ | બાજરો | ૨૫૦ | ૩૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૨૭ | ૫૧૫ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૧૦૮૬ |
| ૭ | મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| ૮ | મગ | ૧૩૧૦ | ૧૩૧૦ |
| ૯ | તુવેર | ૧૨૯૫ | ૧૪૬૬ |
| ૧૦ | ચણા | ૭૧૧ | ૧૦૧૩ |
| ૧૧ | સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| ૧૨ | રાય | ૧૦૦૦ | ૧૨૦૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૯૫ | ૧૫૯૦ |
| ૨ | મગફળી | ૧૨૬૦ | ૧૩૭૬ |
| ૩ | ચણા | ૧૦૦૫ | ૧૦૨૫ |
| ૪ | તુવેર | ૧૪૫૦ | ૧૪૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ૨ | મગફળી | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ૩ | ઘઉં | ૩૦૫ | ૫૦૧ |
| ૪ | ચણા | ૧૦૨૬ | ૧૦૪૦ |
| ૫ | તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૬ | ધાણા | ૧૫૧૦ | ૧૯૦૫ |
| ૭ | સફેદ ચણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૮ | સોયાબીન | ૯૧૫ | ૯૬૦ |

### પ્રીમિયમ પેટ્રોલની કિંમતોમાં વધારો થયો

# પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં ૨થી ૨.૩૦ રૂપિયા પ્રતિ લીટર સુધીનો વધારો કરાયો

## HPCL, IOCL સહિત ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પ્રીમિયમ એટલે કે પાવર પેટ્રોલના ભાવમાં વધારો કર્યો : રેગ્યુલર પેટ્રોલના ભાવમાં ફેરફાર નહીં

નવી દિલ્હી, તા.૨૦

મિડલ ઈસ્ટમાં ચાલી રહેવા તણાવની અસર ભારતમાં સ્પષ્ટ જોવા મળી રહી છે. ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે પેટ્રોલના ભાવને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં ૨થી ૨.૩૦ રૂપિયા પ્રતિ લીટર સુધીનો વધારો કર્યો છે. આ નવા ભાવ આજથી એટલે કે ૨૦ માર્ચ, ૨૦૨૬થી લાગુ થઈ ગયા છે.

સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા પાવર પેટ્રોલના ભાવમાં વધારો કરાયો છે. **HPCL, IOCL** સહિત તમામ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પ્રીમિયમ એટલે કે પાવર પેટ્રોલના ભાવમાં વધારો કર્યો છે. **HPCL** અને **IOCL**એ પાવર પેટ્રોલના ભાવમાં ૨ રૂપિયા પ્રતિ લીટરનો વધારો કર્યો છે. જોકે, રાહતની વાત એ છે સામાન્ય વાહનોમાં ઉપયોગ થતાં રેગ્યુલર પેટ્રોલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે.

મિડલ ઈસ્ટ તણાવની અસર - પશ્ચિમ એશિયામાં ચાલુ ભારે તણાવ અને અમેરિકા-ઈઝરાયેલના ઈરાન પર હુમલાઓની વચ્ચે વૈશ્વિક તેલ બજારમાં થયેલી અસ્થિરતાની અસર હવે ભારતના ઘરેલુ બજારમાં દેખાવા લાગી છે. દેશની મોટી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પ્રીમિયમ પેટ્રોલની કિંમતો વધારી દીધી છે. ૨૦ માર્ચ ૨૦૨૬થી સ્પીડ/પાવર પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર રૂ.૨.૦૯નો વધારો કરવામાં આવ્યો છે. અગાઉ તેનો ભાવ રૂ.૧૧૧.૬૮ પ્રતિ લીટર હતો, જે હવે રૂ.૧૧૩.૭૭ પ્રતિ લીટર કરવામાં આવ્યો છે. જોકે, રાહતની વાત એ છે કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સામાન્ય પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. કઈ-કઈ કંપનીએ કર્યો ભાવ વધારો? - કંપનીઓએ પ્રીમિયમ પેટ્રોલના શોખીનોને મોટો ઝટકો આપ્યો છે. **BPCL**ના **Speed, HPCL**ના **Power** અને **IOCL**ના **XP95**ના ભાવમાં રૂ.૨.૦૦થી રૂ.૨.૩૦ પ્રતિ લીટર સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જોકે, રાહતની વાત એ છે કે સામાન્ય લોકો દ્વારા વપરાતા નોર્મલ પેટ્રોલના દરમાં હાલ કોઈ ફેરફાર થયો નથી.

પ્રીમિયમ પેટ્રોલ એટલે ઉચ્ચ ગુણવત્તાવાળું ઈંધણ, જેનો ઓક્ટેન નંબર સામાન્ય પેટ્રોલ (૯૧)ની સરખામણીમાં ૯૫ કે તેથી વધુ હોય છે. તેમાં ખાસ પ્રકારના એડિટિવ્સ અને ડિટર્જન્ટ ભેળવવામાં આવે છે, જે એન્જિનના અંદરના ભાગોને સ્વચ્છ રાખે છે. આ ખાસ કરીને હાઈ-પર્ફોર્મન્સ કારો અને સ્પોર્ટ્સ બાઈક માટે બનાવવામાં આવ્યું છે, જેથી તેને વધુ સારું પિકઅપ અને માઈલેજ મળે. આ જ ખાસિયતોને કારણે તે હંમેશા સામાન્ય પેટ્રોલ કરતાં મોંઘું રહે છે.

સામાન્ય પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. રાજધાનીમાં ૧ લિટર પેટ્રોલનો ભાવ ૯૯.૭૭ રૂપિયા છે અને ડીઝલનો ભાવ ૮૭.૬૭ રૂપિયા પ્રતિ લિટર છે. મુંબઈમાં ૧ લિટર પેટ્રોલનો ભાવ ૧૦૩.૫૦ રૂપિયા છે અને ડીઝલનો ભાવ ૯૦.૦૩ રૂપિયા છે. આવી જ રીતે ચેન્નાઈમાં ૧ લિટર પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયા અને ડીઝલના ભાવ ૯૨.૩૯ રૂપિયા પ્રતિ લિટર છે.પ્રીમિયમ પેટ્રોલ એક એવું પેટ્રોલ હોય છે જેમાં ઑક્ટેન વધારે સંખ્યામાં હોય છે. સામાન્ય રીતે આ નંબર ૯૫ કે તેની ઉપરનો હોય છે. તો નોર્મલ પેટ્રોલમાં ઑક્ટેન નંબર ૯૧ હોય છે. પ્રીમિયમ પેટ્રોલ ગાડીના એન્જિનને વધારે સ્મૂધ અને સારું પરફોર્મન્સ આપે છે. મોટા શહેરોમાં આ પેટ્રોલ લગભગ તમામ પેટ્રોલ પંપ પર મળે છે. જેને ખાસ કરીને સ્પોર્ટ્સ બાઈક, કાર, ટર્બો એન્જિન વાળી ગાડીઓ અને હાઈ પરફોર્મન્સ કારમાં નાખવામાં આવે છે.

### આવતીકાલ રવિવારે થશે આગમન

# અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે જિલ્લામાં રૂા. ૨૫.૨૩ કરોડનાં વિકાસકાર્યોનું લોકાર્પણ થશે

## APMC માં તૈયાર થયેલા ૨ લાખ ચોરસ ફૂટના વિરાટ શેડનું મુખ્યમંત્રીનાં હસ્તે લોકાર્પણ થશે

અમરેલી, તા. ૨૦

તા. ૨૨ માર્ચને રવિવારનાં રોજ રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે અમરેલી જિલ્લામાં વિવિધ વિભાગોનાં કુલ રૂા. ૨૫.૨૩ કરોડનાં ૧૦ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યો દ્વારા જિલ્લાનાં શિક્ષણ, આરોગ્ય, ઊર્જા તથા માર્ગ સુવિધાઓમાં વધારો થશે અને નાગરિકોને વધુ સગવડો ઉપલબ્ધ બનશે.

આ અવસર એપીએમસી અમરેલી ખાતે મુખ્યમંત્રી એક વિશાળ જનસભાને સંબોધશે. આ લોકાર્પણનાં કાર્યોમાં માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તક રૂા. ૧.૨૦ કરોડનાં એક કામ, શિક્ષણ વિભાગ હસ્તક રૂા. ૬.૪૬ કરોડનાં પાંચ કામો, આરોગ્ય વિભાગ હસ્તક રૂા. ૧.૫૨ કરોડનાં એક કામ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તક રૂા. ૪.૫ કરોડના બે કામો તેમજ સહકાર વિભાગ (એપીએમસી) હસ્તક રૂા. ૧૨ કરોડનાં એક કામનો સમાવેશ થાય છે.

એપીએમસી અમરેલી ખાતે રૂા ૧૨ કરોડનાં ખર્ચે નિર્મિત ૨ લાખ ચોરસ ફૂટનાં વિશાળ શેડનું લોકાર્પણ થશે. જયારે માર્ગ મકાન પંચાયત હસ્તકનાં સાવરકુંડલાનાં ઢ સેડીપરાથી ખોડીયાર મંદિર સુધી રૂા.૧.૨૦ કરોડનાં ખર્ચે નિર્મિત રોડનું લોકાર્પણ થશે.

અમરેલી જિલ્લાનાં કુકાવાવ ખાતે રૂા. ૧.૧૨ કરોડનાં ખર્ચે નિર્મિત મોંઘીબા કન્યા શાળા, લાઠી તાલુકાનાં ટોડા ખાતે રૂા. ૧.૯ કરોડ ખર્ચે નિર્મિત પ્રાથમિક શાળા, રાજુલા તાલુકા ડોળિયા ખાતે રૂા. ૧.૬ કરોડનાં ખર્ચે નિર્મિત પ્રાથમિક શાળા, ધારીનાં છતડીયા ખાતે રૂા. ૧.૪૭ કરોડનાં ખર્ચે નિર્મિત માધ્યમિક શાળાનું, સાવરકુંડલા તાલુકાનાં મિતિયાળા ખાતે રૂ. ૧.૭૨ કરોડનાં ખર્ચે નિર્મિત માધ્યમિક શાળાનું લોકાર્પણ થશે. જયારે સાવરકુંડલા તાલુકાનાં આંબરડી મુકામે રૂા.૧.૫૨ કરોડ ખર્ચે નિર્મિત. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ થશે.

પીજીવીસીએલ દ્વારા અમરેલી વર્તુળ કચેરી દ્વારા રૂા. ૨.૬૯ કરોડનાં ખર્ચે નવનિર્મિત અમરેલીની ૨ વિભાગીય કચેરીઓ તથા રાજુલા શહેર અને રાજુલા ગ્રામ્ય વિભાગની રૂા. ૧.૭૩ કરોડનાં ખર્ચે નિર્મિત કચેરીનું લોકાર્પણ થશે.

આ વિકાસકાર્યોનાં લોકાર્પણથી સ્થાનિક નાગરિકોને વધુ સારી અને ગુણવત્તાસભર સુવિધાઓ ઉપલબ્ધ બનશે તથા જિલ્લાનાં સર્વાંગી વિકાસને વધુ વેગ મળશે.

### કઠીન પરીક્ષા ભારે જહેમત બાદ પાસ કરી

# અમરેલીનાં વતની સાગર નાકરાણીએ આઈ.ઈ.એસ. ની પરીક્ષા પાસ કરી

## ઈલેકિટ્રક એન્જિનિયરિંગમાં ૨૪મો ક્રમ મેળવ્યો



અમરેલી, તા. ૨૦

અમરેલીનાં વતની અને હાલ ગાંધીનગરમાં ખાતે રહેતાં સાગર નાકરાણીએ દેશની અત્યંત કઠિન ગણાતી યુપીએસસી ઈન્ડિયન એન્જિનિયરિંગ સર્વિસ (આઈ.ઈ. એસ.) ૨૦૨૫ પરીક્ષામાં ઈલેકિટ્રકલ એન્જિનિયરિંગમાં સમગ્ર ભારતમાં ૨૪મો ક્રમ પ્રાપ્ત કરીને સુવર્ણ સફળતા મેળવી છે. હાલમાં વર્ગ–૨ અધિકારી તરીકે ફરજ બજાવતા અને વૈવાહિક જીવનની જવાબદારી નિભાવતા સાગરે સતત દોઢ વર્ષ સુધી અવિરત મહેનત કરી, અન્ય તમામ બાબતોમાંથી પોતાને દૂર રાખીને માત્ર પોતાના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી આ સિદ્ધિ હાંસલ કરી અનોખું ઉદાહરણ પૂરૂ પાડયું છે.

"સ્વ પર વિશ્વાસ રાખો અને સકારાત્મક રહો" એ મંત્રને જીવનમાં ઉતારી તેમણે આ સફળતા પ્રાપ્ત કરી છે. રાષ્ટ્રીય સ્તરે ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોમાં એકમાત્ર ગુજરાતી તરીકે સ્થાન મેળવી તેમણે સમગ્ર પરિવારનું તથા અમરેલી જિલ્લાનું અને રાજયનું ગૌરવ વધાર્યુ છે.

આ સફળતા પાછળ તેમના પરિવારનો અમૂલ્ય ફાળો રહ્યો છે. સૌ પ્રથમ સાગરનાં માતા–પિતાએ તેમને સારા સંસ્કારો આપી અને શૈક્ષણિક પાયો મજબૂત કરી અને નવોદયમાં પ્રવેશ અપાવ્યો છે. જેના કારણે બાળપણથી જ તેમને અનેક મેડલ તથા ગોલ્ડ મેડલ મેળવ્યા છે.


અમરેલીની ભોજલપરા પ્રાથમિક શાળાનાં આચાર્ય અનસુયાબેન મુકેશભાઈ નાકરાણીએ તેમના માટે ખુબ મહેનત કરી અને અનેક ત્યાગ કર્યા છે. તેમણે સાગરમાં બાળપણથી જ અનુશાસન, મહેનત અને સંસ્કારનાં મૂલ્યો સ્થાપિત કર્યા સાથે જ તેમણે હંમેશા શિક્ષણને પ્રાથમિકતા આપીને સાગરને યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા આપી હતી. લગ્ન પછી તેમની પત્ની ફલોરાબેને સાગરને પોતાનું સ્વપ્ન પૂરૂ કરવા માટે અડગ પ્રેરણા અને સહકાર આપ્યો હતો.

ફલોરાબેને સાગર નોકરી કરતી હોવા છતાં છેલ્લા દોઢ વર્ષ દરમિયાન સાગરને ઘરની તથા સામાજિક જવાબદારીઓમાંથી મુક્ત રાખી તેમણે માત્ર અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે તે માટે તે સતત પ્રયત્નશીલ રહી ઉપરાંત સાગરને તૈયારી કરાવવામાં ખુબ સપોર્ટ કર્યો હતો. જીવનના ઉતાર–ચઢાવમાં પણ તેઓ હંમેશા સાગર સાથે મક્કમપણે ઉભી રહી અને કયારેય હિંમત તૂટવા દીધી નથી. "સ્વ પર વિશ્વાસ રાખો અને સકારાત્મક રહો ઉપરાંત સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી" એવો જીવનમંત્ર પણ તેમને તેમની પત્ની દ્વારા જ શીખવવામાં આવ્યો હતો.જવાહર નવોદય વિદ્યાલય, કોડીનારમાં અભ્યાસ દરમિયાન શિક્ષકોએ તેમની ક્ષમતાઓને ઓળખી તેને યોગ્ય દિશા આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. નિરમા યુનિવર્સિટીમાં ઈલેકિટ્રકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ દરમિયાન પ્રોફેસરોએ તેમની ટેકનિકલ કૌશલ્યને ઓળખી અને વધુ મજબૂત બનાવ્યું હતું.

આ રીતે સાગરે પોતાની આ સફળતા પરિવાર અને શિક્ષકોને અર્પણ કરી છે. પત્ની, ભાઈ અને સમગ્ર પરિવારનાં સતત સહકાર અને પ્રેરણાથી તથા માતા–પિતા અને દાદાનાં આશીર્વાદ તેમજ શિક્ષકોનાં માર્ગદર્શન અને પરમાત્માની કૃપાને આસિદ્ધિનું શ્રેય આપ્યું છે. સાથે જ તેમણે યુવાનોને સંદેશ આપ્યો કે, "જો હું કરી શકયો છું, તો તમે કેમ નહીં?" અને આત્મવિશ્વાસ સાથે પોતાના સપનાઓને સિદ્ધ કરવા પ્રેરણા આપી છે.

## ૨૧, માર્ચ–વિશ્વ કવિતા દિવસ નિમિત્તે

કવિ કે કવિતાનો કયાં કોઈ દિવસ હોય છે
કવિ કે કવિતાનો કયાં કોઈ દિવસ હોય છે
કવિ તો બસ ભાવનાઓને જ વશ હોય છે
સંવેદના, વિરહની બીમારીથી પીડાય છે સતત
પાણી હોય ગરમ તોય કવિને ખસ હોય છે
દાદ,તાળી,લાઈક, ફોલોને શેરનો છે ભૂખ્યો
કાવ્ય સાંભળેએ ઈનામ કવિને બસ હોય છે
સરસ્વતીનો છે ભક્ત માટે લક્ષ્મી તો અળગી
કાવ્ય માટે વેચાવામાં ટસનો ના મસ હોય છે
હીરામાં કોલસોને કોલસામાં હીરો જુએ એ
વ્યવહારૂં જગ ફોરવર્ડને કવિ રિવર્સ હોય છે
પ્રભુ સાવ હાથવગો, પ્રભુજન એથી જ અળગા
તાદુંલી કવિનાં ભાગ્યમાં લુખ્ખો જશ હોય છે




– મિત્તલ ખેતાણી
(રાજકોટ,મો.૯૮૨૪૨૨૧૯૯૯)
નાં કાવ્યસંગ્રહ ''સ્વાન્તઃ સુખ્યાય'' માંથી

## ૨૧ માર્ચ–વિશ્વ વન દિવસ વૃક્ષો વાવો, સમૃદ્ધિ લાવો




'વિશ્વ વન દિવસ' દર વર્ષે ૨૧ માર્ચે ઉજવવામાં આવે છે. વૃક્ષોનું વાવેતર કરી, જંગલોનું રક્ષણ થાય, પર્યાવરણ સંવર્ધન થકી દેશમાં સમૃદ્ધિ આવે એ હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળ ઝુંપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને કયારેક સ્વને અનુભવીને આપણે એમને માટે કરૂણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર, આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાય શકે છે પણ પ્રાણીઓ !

આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓના નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ અને એ કશું કહેતા પણ નથી. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાના કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં, વિસ્તારમાં ઘુષણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુષણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.

પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોકસાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાયએ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જયાં ઈલેકટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા – પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટે માર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનું ઉત્પાદન કરે છે, ૩૫ રૂપિયાના પ્રદુષણનું નિયંત્રણ, ૩ કિલો કાર્બનડાયોક્સાઈડનું શોષણ, ૪૧ લાખ રૂપિયાના પાણીનું રીસાયકલીંગ, ૩ % તાપમાનમાં ઘટાડો કરે છે. એક વયસ્ક વ્યક્તિ દ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણને ૩૦૦ ઝાડ મળીને શોષી શકે છે.

વન દિવસથી જ વન અને વન્યજીવો પ્રત્યે સેમાં કરૂણા ઉત્પન્ન થાય તેમજ પર્યાવરણીય સંપત્તિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી પરના સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે. વૃક્ષમ શરણં ગચ્છામી.

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ

## સાંસદ અને ધારાસભ્યોની પ્રેરક ઉપસ્થિતિ



અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજનાં અધ્યક્ષ સ્થાને અને સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારસભ્ય મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવિયા, હિરાભાઈ સોલંકી, જે.વી. કાકડિયાની પ્રેરક ઉપસ્થિતિ પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.બેઠકમાં જનપ્રતિનિધિ ઓના અગાઉનાં પેન્ડિંગ પ્રશ્નો જેમ કે, ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં આંતરિક અને અન્ય રસ્તાઓ સાથે જોડતાં રસ્તાઓ, જમીન માપણી વીજ જોડાણ, જંગલ કટીંગ, નેશનલ હાઈવે સંલગ્ન ગામમાં સર્વિસ રોડની માંગણી, પાણી પુરવઠા, માર્ગ અને મકાન વિભાગ, નગરપાલિકાને લગત પ્રશ્નોને લઈને હાલ સુધીની પ્રગતિલક્ષી કામગીરી અંગે જિલ્લા કલેકટરએ સમીક્ષા હાથ ધરીને સંબંધિત અધિકારીને જરૂરી સૂચનાઓ આપી હતી.આ મુદ્દે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે સમીક્ષા હાથધરી જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે નાગરિકોનાં પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે તે માટે સંબંધિત કચેરીઓના વડાઓને સંકલન કરવા અને ઘટતું કરવા સૂચના આપી હતી. જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલ, અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયા, લાઠી પ્રાંત અધિકારી નીરવ બ્રહ્મભટ્ટ, બગસરા, ધારી, સાવરકુંડલા–લાઠી પ્રાંત અધિકારી, કાર્યપાલક ઈજનેર ધોળાવાળા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, તાલુકા અને શહેર મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, વિવિધ કચેરીઓના અધિકારીઓ અને કર્મયોગીઓ સહિતનાં બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે

# અમરેલી જિલ્લામાં તા. ૨૨ માર્ચને રવિવારનાં રોજ અંદાજે રૂા.૬૮૧.૭૮ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત થશે

## અમરેલી શહેરમાં રાધેશ્યામ–માચીયાળા બાયપાસનું ખાતમુહૂર્ત થશે

અમરેલી, તા. ૨૦

રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે તા. ૨૨ માર્ચને રવિવારનાં રોજ અમરેલી જિલ્લામાં વિવિધ વિભાગોનાં અંદાજે કુલ રૂા. ૬૮૧.૭૮ કરોડના ૧૪ વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ વિકાસકાર્યો દ્વારા જિલ્લાનાં માર્ગ વ્યવસ્થા, શહેરી સુવિધાઓ તથા અન્ય આધારભૂત માળખાકીય વિકાસને મજબૂત આધાર મળશે.

આ ખાતમુહૂર્તનાં કાર્યોમાં માર્ગ અને મકાન વિભાગ (રાજય) હસ્તક રૂા. ૬૩૮.૨૬ કરોડનાં ત્રણ કામો, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તક રૂા. ૨૪.૪૫ કરોડનાં આઠ કામો, બાગાયત વિભાગ હસ્તક રૂા. ૧૦.૦૦ કરોડનાં એક કામ, નગરપાલિકા સાવરકુંડલા હસ્તક રૂા. ૭.૫૭ કરોડનાં એક કામ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ (ડીએમએફ) હસ્તક રૂા. ૧.૫૦ કરોડનાં એક કામનો સમાવેશ થાય છે.

આ કામોમાં અમરેલી શહેરની ફરતે રાધેશ્યામ ચોકડીથી માચીયાળા સુધી નવા બાયપાસનું આશરે રૂપિયા ૨૭૦ કરોડનાં ખર્ચે ખાતમુહૂર્ત થશે. આ ઉપરાત જાફરાબાદ ચારનાળા અને રાજુલા બાઢડા થોરડી માર્ગનું ખાતમુહૂર્ત થશે.

સાવરકુંડલામાં ભેંસાણ સરોવર ખાતે ૭.૫ કરોડનાં ખર્ચે મલ્ટી પર્પઝ હોલ અને ચિલ્ડ્રન પાર્કનું નિર્માણ થશે. આ વિકાસ કાર્યો પૂર્ણ થતા શહેરી વિકાસને વેગ મળશે. આ ઉપરાંત સાવરકુંડલાનાં મોટા ઝીંઝુડા ખાતે રૂપિયા ૧૦ કરોડનાં ખર્ચે સેન્ટર ઓફ એકસલન્સનું નિર્માણ થશે.

માર્ગ અને મકાન વિભાગ પંચાયતનાં સાવરકુંડલા ધારથી હઠીલાવાવ, મેવાસા એપ્રોચ રોડ, ખડસલી એપ્રોચ રોડ, વીરડી નાળ રોડ, કુંકાવાવ–નાજાપુર રોડ, લુવારાથી જૂના ગોરડકા રોડ, કુંકાવાવનાં રામપુરથી સરધારપુર રોડ સહિતનાં ૨૪.૪૫ કરોડનાં કામો, અને ઉદ્યોગ અને ખાણ ખનિજ વિભાગ હસ્તકનાં બાબરા તાલુકામાં વાંકિયા–નીલવડા કલસ્ટર રોડનું રૂા ૧.૫ કરોડનાં હસ્તે ખાતમુહૂર્ત થશે.

આ વિકાસકાર્યો પૂર્ણ થતાં જિલ્લાનાં વિકાસને નવી ગતિ મળશે તથા લોકોનાં જીવનસ્તરમાં ગુણાત્મક સુધારો થશે.

### પી.આઈ., એમ.ડી.સાળુંકે ના અધ્યક્ષ સ્થાને

# લીલીયા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી

## સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા



લીલીયા મોટા, તા.૨૦

લીલીયા પોલીસ સ્ટેશન ખાતે એમ.ડી.સાળુંકેના અધ્યક્ષ સ્થાને તેમજ પી.એસ.આઈ વાય.એમ.જાડેજાની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક મળી હતી આવનાર રમજાન ઈદ અને રામનવમીના તહેવાર અન્વયે હિન્દુ / મુસ્લિમ સમાજના આગેવાનો સાથે વિસ્તારમાં શાંતિ મય વાતાવરણમાં કોમી એકતા જળવાઈ રહે તેવા હેતુથી શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી આવનાર તહેવાર શાંતિ મય વાતાવરણમાં ધામધૂમ પૂર્વક ઉજવાય તેવી ચર્ચા આ તકે આગેવાનો સાથે કરવામાં આવી બેઠક દરમિયાન પી.આઈ.,એમ.ડી.સાળુકેએ ઉપસ્થિત આગેવાનોને અપીલ કરી હતી કે વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે, કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહેવું, તહેવારો અને સામાજિક કાર્યક્રમો દરમિયાન પરસ્પર સહકાર જાળવવો તેમજ કોઈપણ શંકાસ્પદ હિલચાલ અંગે તરત પોલીસને જાણ કરવા પણ અનુરોધ કરવામાં આવેલ હતો આતકે સરપંચ વિજયભાઈ શેખલીયા, તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ ત્રિવેદી, આપ પ્રમુખ વિજયભાઈ વિરાણી, ખોડાભાઈ માળવિયા, બાબુભાઈ ધામત, પૂર્વ સરપંચ જીવનભાઈ વોરા, ભનુભાઈ ડાભી, મુસ્તાક બેલીમ, મુકેશભાઈ શીરમાન, ઘનશ્યામ મેઘાણી, કેપ્ટન ધામત, રમેશભાઈ પરમાર, શાંતિભાઈ વાઘેલા સહિત દરેક સમાજના આગેવાનો હાજર રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલીની ૮ વર્ષની બાળકીએ રમઝાન માસમાં રોઝા રાખ્યા



અમરેલી, તા. ૨૦

અમરેલીનાં રહીશ મેમણ સમાજની બાળ રોજેદાર જુવેરીયા સરફરાઝકુંડલીયા જે સરફરાજભાઈની લખતે જીગર અને દાદા ગુલમહમદભાઈ એસ.ટી. ડ્રાઈવરની રાજદુલારીએ ૮ વર્ષની નાની ઉંમરમાં પુરા રમઝાન મહિનાના રોઝા રાખી દુઆએ ખૈર કરી.જુવેરીયા માત્ર ૮ વર્ષની નાની ઉંમરમાં ધોમધખતા તાપમાં રમઝાનુલ મુબારકનાં પુરા મહિનાનાં રોઝા રાખી ખુદાની બંદગી કરી હતી. ખાસ દેશ અને દુનિયામાં શાતિ તથા ભાઈચારા માટે દુઆ કરી અને ખાસ એહલે વતન હિન્દુસ્તાન માટે અમનો સુકુનની ખાસ દુઆ કરી હતી. આ તકે સગા સંબંધી તથા સામાજીક અગ્રણીઓ તરફથી ખૂબ ખૂબ મુબારકબાદ પાઠવવામાં આવી હતી.




## રાજય સરકારનાં બહેરા કાન સુધી ન્યાયનો અવાજ પહોંચતો ન હોવાથી

# બગસરામાં આંગણવાડી વર્કરે રાસ લઈ ડમરૂ વગાડયુ

**ઘણા મહિનાઓથી આંગણવાડી વર્કર અને હેલ્પર વેતન વધારા સહિતની માંગ કરી રહી છે**

**કાળઝાળ મોંઘવારીમાં બાળકો કે પોતાનું પાલન પોષણ કરવું મામુલી વેતનમાં પોષાતુ નથી**

**''હું તો ભાઈને કાગળીયા લખી લખી થાકી''નાં ગીત સાથે ગરબા લીધા**

**ફાટફાટ ઈકોનોમીનાં દાવા વચ્ચે મહિલાઓને પુરતુ વેતન આપવામાં સરકારનાં ઠાગાઠૈયા**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૦

બગસરામાં આંગણવાડીની બહેનોએ સી.ડી.પી.ઓ.ને આવેદન આપ્યા બાદ આજે ત્રીજા દિવસે પણ મહિલાઓએ ડમરૂ વગાડી રાસ ગરબા લઈ વિરોધ વ્યકત કર્યો હતો. હું તો ભાઈને કાગળિયા લખી લખી થાકી ભાઈ કાંઈ જવાબ દેતા નથી તેવા ગરબા ગાઈ વિરોધ વ્યકત કર્યો હતો. ત્રણ દિવસ માટે માસ સિવિલ પર ઉતરીને વિરોધ વ્યકત કરેલ હતો. આજે વિરોધ કર્યાને ત્રીજા દિવસે પણ વિરોધ યથાવત રાખ્યો હતો. ત્યારબાદ તમામ મહિલાઓ ધ્વારા ધરણા પણ કરવામાં આવ્યા હતા અને સુત્રોચાર કરી હમારી માંગે પૂરી કરોના નારા લગાવ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા આંગણવાડી વર્કર ફેસિલિયેટરએ પોતાની માંગણી રજૂ કરેલ હોવા છતાં ગુજરાત સરકાર દ્વારા આ પ્રશ્નોનું નિરાકરણ માટે કોઈ પણ પ્રકારની બેઠક યોજેલ નથી જેને લયને આજે ત્રીજા દિવસે પણ બગસરા પંથકની આંગણવાડી મહિલાઓએ વિરોધ વ્યકત કર્યો હતો. સરકાર ધ્વારા

અનુસંધાન પાના ૬ ઉપર

## કમોસમી વરસાદથી હજારો રૂપિયાનું નુકસાન થયું

# અમરેલી પંથકમાં ઈંટો પકવતાં કારીગરો પરેશાન

**કાચી માટી, કોલસોમાંથી બનતી ઈંટો પર વરસાદી માર**



અમરેલી, તા. ૨૦

વડિયા પંથકમાં ગઈકાલે થયેલ કમોસમી વરસાદથી ખેતીપાકો ઉપરાંત, ઈંટો બનાવતાં કારીગર પણ ચિંતામાં મુકાયા છે. કાચી માટી અને કોલસાથી બનતી ઈંટો ખુલ્લા મેદાનમાં પાકતી હોય, દરમિયાન કમોસમી વરસાદ પડતાં વ્યાપક પ્રમાણમાં ઈંટો બગડી જતાં કારીગરો નિરાશ થયા છે.

## ૪ અજાણ્યા આરોપીએ ફાયદાવાળી શેરની માહિતી દેખાડી

# જાફરાબાદ : સિન્ટેક્ષ યાર્ન લી. કંપનીનાં જનરલ મેનેજર સાથે રૂપિયા ૧.૨૨ કરોડની ઠગાઈ કરાઈ

**જનરલ મેનેજરની ફરિયાદનાં આધારે પોલીસે તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૦

મુળ હરીયાણાના વતની અને હાલ જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે રહેતાં અને સિન્ટેક્ષ યાર્ન લીમીટેડ કંપનીમાં જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતાં એક હરીયાણાના વતનીને કોઈ અજાણ્યા મોબાઈલ નંબર ધરાવતા ચાર આરોપીઓએ 5paisa કસ્ટમર કેરના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી વાતચીત કરી અને આ જનરલ મેનેજરને ફાયદાવાળા શેરની માહિતી દેખાડી લોભ લાલચ આપી એપ્લિકેશન ડાઉનલાર્ડ કરાવી લઈ જનરલ મેનેજર પાસેથી કુલ રૂપિયા ૧,૨૨,૮૫,૦૦૦ (એક કરોડ બાવીસ લાખ પંચ્ચાસી હજાર) ટ્રાન્સફર કરાવી અને 5PCLPMTAMA ટ્રાન્સફર કરાવી લઈ અને ડાઉનલોડ કરેલ એપ્લીકેશનમાં થયેલ પ્રોફીટ ઉપાડવા માટે હજુ વધુ પચાસ લાખ ફી ચુકવ્યા બાદ જ જનરલ મેનેજરને તેના પૈસા મળશે તેવી ધમકી આપી તેમની સાથે ઠગાઈ કરી ઓનલાઈન સાયબર ફ્રોડ

અનુસંધાન પાના ૬ ઉપર

## જગતાત ગણાતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ

# ખાંભા પંથકમાં કમોસમી વરસાદથી ખેતીપાકોને વ્યાપક નુકસાન

**ડુંગળી, ચણા, ઘંઉ સહિતનાં પાકમાં વ્યાપક નુકસાન**



ખાંભા, તા. ૨૦

ખાંભા ગીર પંથકમાં અચાનક પવન સાથે પડેલા કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી દીધી છે. વિસ્તારમાં ડુંગળી, તલ અને બાજરી

અનુસંધાન પાના ૬ ઉપર

## દુધ વિતરણને લઈને માથાકૂટ થઈ

# અમરેલી જિલ્લા ઓપન જેલનાં કાર્યકારી અધિક્ષક સહિત 3 કર્મચારીઓ સાથે ગેરવર્તન

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૦

અમરેલી ખાતે આવેલ ઓપન જેલના કાર્યકારી અધિક્ષક એ.એન. પરમાર તરીકે ફરજ બજાવતા હોય અને તેમનાં તાબાવાળી ઓપન જેલના પાકા કેદી નં. ૫૯૩ વાલજીભાઈ ઉર્ફે વલકુ વેલજીભાઈ સાંગાએ ગત તા. ૧૮ના રોજ આશરે ૬:૩૦ વાગ્યા આસપાસ અમરેલી જીલ્લા જેલ આવેલ ઓપન જેલના ગેઈટ પાસે દુધ વિતરણ કાર્ય પુર્ણ કરેલ

અનુસંધાન પાના ૬ ઉપર
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)